Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 22 - Issue : 07

April, 2018



## ભગવાન તેના ભક્તનું બધું સંભાળે છે

હું પોતે સદ્‌ગુરુ છું અથવા એ રીતે તમે બધાં મને સ્વીકારો એવું કદી પણ કહેલું નથી અને કહેતો પણ નથી. તે તો સૌ કોઈનાં દિલની પોતપોતાની ભાવનાની વાત છે. પરંતુ એટલું તો જરૂર છે કે પ્રભુકૃપાથી દ્વંદ્વાતીત અનુભવના પ્રત્યક્ષપણાના કેટલાક પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે અને સાધનાના કાળમાં જ્યારે તમારાં બધાંની સાથે આ જીવ રહ્યા કરતો હતો ત્યારે પણ એનું ભાવનાનું ભાવનામાં અચળપણું રહ્યા કરતું હતું. 'ભગવાન તેના ભક્તનું બધું સંભાળે છે' એવા કેટલાય પ્રસંગો આ જીવનમાં પ્રગટેલા છે. મને પ્રિય ભજન છે, તે તમે જાણો છો :

**'હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે...'**

- શ્રીમોટા

'જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૮૩



# નમ્રતા

(રે ! શિર સાટે નટવરને વરીએ - એ ઢાળ)

રે ! તૃણથી નીચા થઈને રહીએ,
રે ! યત્કિંચિત્ કાંઈ ભલું કરીએ,
કે પરમાર્થે રહી જીવન દઈએ. રે ! તૃણથી..

રે ! દુઃખ, રોગ, ભૂખ ભલે નડતાં,
રે ! તે વાર મન, વાણી દૃઢ કરવાં,
કે અળગા ન મનથી હરિ કરવા. રે ! તૃણથી..

રે ! અભિમાન, અહંકાર નવ ધરીએ,
રે ! દીનતા હૃદય રાખીને સ્મરીએ,
કે બુદ્ધિ ચરણકમળે દઈએ. રે ! તૃણથી..

રે ! હરિ મળ્યે ઉર ટાઢક વળશે,
રે ! જીવની અશાંતિ સહુ ટળશે,
કે પામી પદારથ જીવ ઠરશે. રે ! તૃણથી..

-શ્રીમોટા

'આર્તપોકાર', બી. આ., પૃ. ૭૧

પ્રકાશન સ્થળ :
બી/પ, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૨ અંક : ૭ એપ્રિલ, ૨૦૧૮

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

## અનુક્રમ

૧. જીવન કંઈ નિરાશાઓનું પિયર નથી ............ શ્રીમોટા ૪
૨. દુઃખદર્દ એ કર્મભોગ જ છે ........... શ્રી જેસંગ બાવજી ૭
૩. ત્રેસઠ ધૂણી વચ્ચે સાધના ...................... શ્રીમોટા ૯
૪. શ્રી નર્મદા પરિક્રમા : અનુભવ/ચિંતન .... સ્વામી પ્રેમાનંદ ૧૧
૫. શ્રીમોટા : ઘરનોકર તરીકે ..........સોમાભાઈ ભાવસાર ૧૨
૬. રાજકરણી પુરુષોમાં ધર્મ-ભાવનાની અને ધાર્મિક પુરુષોમાં સામાજિક કાર્યની ઊણપ છે..... ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ૧૪
૭. શ્રીઅરવિંદનો વડોદરા નિવાસનો પ્રારંભ ..... દીનેન્દ્ર રૉય ૧૬
૮. ભારતમાતા સાચી માતા ...................... શ્રીમોટા ૧૯
૯. ચિંતનકણિકા ................................ શ્રીમોટા ૨૧
૧૦. પૂજ્ય શ્રી ઝીણાકાકાના ૯૩મા જન્મદિનની ઉજવણી તા.૬-૫-૨૦૧૮ .................. લવાછા ગ્રામજનો ૨૩
૧૧. અહંતા-મમતા ........................ શ્રીપ્રકાશાનંદજી ૨૪
૧૨. સંપ ત્યાં સંપત્તિ ................... શ્રી નાથા દેવકરણ ૨૬

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

**સહયોગ**

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી રમેશભાઈ પી. પટેલ (પલાણા) હાલ અમેરિકા તરફથી તેઓશ્રીના જન્મદિન તા.૭-૪-૧૯૪૮ તેમજ ધર્મપત્ની શ્રીમતી નીતાબહેનના જન્મદિન તા.૧૬-૪-૧૯૪૯ નિમિત્તે**

**અને**

**વડોદરા સ્થિત એક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા હરિભાવના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ પ્રાપ્ત થયો છે. તે બદલ અમો તેઓના ઘણા ઘણા આભારી છીએ.**

**- સંપાદક**

# (૧) જીવન કંઈ નિરાશાઓનું પિયર નથી

શ્રીમોટા

*[પૂજ્ય શ્રીમોટા સાથે જે સાધક ત્રિપુટી જોડાઈ હતી તેમાં શ્રી નંદુભાઈ શાહ, શ્રી હેમંતભાઈ નીલકંઠ અને શ્રી વજુભાઈ જાની હતા. વજુભાઈને એમનાં ધર્મપત્ની જયાબહેન સાથે મનમેળ ઓછો હતો. પાછળથી વજુભાઈને કૅન્સર થયેલું. પૂજ્ય શ્રીમોટાએ ભાવિ જોઈને શ્રી વજુભાઈ જાનીનાં પત્ની જયાબહેનને ટ્રેઈન્ડ શિક્ષિકાના કોર્સમાં દાખલ કરાવેલાં. જયાબહેનને પૂજ્યશ્રીએ માતૃભાવે ઘણા પત્રો લખ્યા હતા. તેમાંના એક પત્રનો સંકલિત ભાગ રજૂ છે. **-સંપાદક**]*

ઘણું વહાલી ચિ. બહેન જયુ,

તારો કાગળ મલ્યો છે, દુઃખથી આપણે લેવાઈ જવાનું નથી. 'દુઃખ' વિશે જે કવિતા મેં તને લખી મોકલી હતી, પરંતુ એનું રહસ્ય તું સમજી નહિ અને એને હૃદયથી ન સ્વીકારે એટલે હું બિચારો શું કરું ? તને દુઃખ થાય કે પડે એ તો કોને ગમે ? પણ દુઃખનો હેતુ જો આપણે ન સમજીએ અને એ દુઃખથી આપણે જાતે હેરાન થઈએ ને બીજાંને હેરાન કરીએ તો એ દુઃખે આપણને જીતી લીધાં છે એમ એનો અર્થ થયો. આપણે દુઃખને નકારવાનું નથી, પરંતુ એને તાબે તો થવાનું નથી જ. એને (શ્રી વજુભાઈ જાનીને) માટે દવાદારૂ ભલે કરવા હોય તે કરીએ, પરંતુ છેક હતાશ થઈ જઈને કે એના ગુલામ બની જઈને નહિ !

દુઃખ આપણને વિવશ કરી નાખે છે ત્યારે એનું જોર આપણા પર બમણું ફાવી શકે છે. આપણે દુઃખથી આટલાં બધાં લેવાઈ જઈએ તો દુઃખ, દુઃખ લાગે જને ? 'દુઃખ' વાળી કવિતા ફરી પાછી તું વાંચી જજે ને એ મનમાં સમજવા પ્રયત્ન કરીને દુઃખથી ઉપરવટ જવાને પ્રયત્ન કરવા માંડજે. દુઃખ, દુઃખ કર્યાથી દુઃખ મટવાનું નથી. તું જો એ દુઃખમાં જ રહ્યા કરીશ અને એની હાયવોયમાં રહ્યા કરીશ તો જાતે દુઃખી વધારે થઈશ ને બીજાંનેય તું હેરાન કરીશ. માટે દુઃખને ગણકારવાનું નથી. એનો અર્થ એવો નથી કે આપણે શરીરના દરદની દવા કરવાની નથી. આપણે જે કરાવવું ઘટે તે કરવું, પરંતુ એને જરાકે મહત્ત્વ આપ્યા કરવાનું નથી.

આપણને દરદ હોય એટલે આપણે હેરાન થવું ન જોઈએ. કંઈ ન થાય તો આરામથી બેસીએ કે સૂઈ જઈએ, પરંતુ એનાથી લદાઈ જઈને રડારોડ કરી મૂકીએ ને બીજાં કોઈ ધ્યાન કે લક્ષ ન આપે એટલે મનમાં એમના પ્રત્યે ઓછું આણીએ તે વૃત્તિ આપણી ઠીક નથી.

દુઃખને લીધે આપણી અંતરની વૃત્તિ વધારે સતેજ, ઉદાર ને વિશાળ બનવી જોઈએ. એને બદલે આપણે જો વધારે સંકુચિત ને સાંકડા મનવાળાં થઈ જઈએ તો દુઃખે આપણને ડામ્યાં છે એમ ચોક્કસ કહી શકાય. દુઃખ એ તો આપણા અંતરના સૂક્ષ્મ પ્રવાહના જોશને વહેવરાવવાને માટે મળેલી તક છે, પરંતુ આપણે એનો ઉપયોગ કરી શકતાં નથી. સોનું, રૂપું વગેરે દુઃખના સહયોગથી ઘડાય છે. સંતોએ અને ભક્તોએ તો

દુઃખને માગી લીધું છે અને વહોરી લીધું છે. દુઃખ વિના આપણે પૂરાં ઘડાવાનાં નથી. દુઃખ એ આપણને ઘડાવાને માટે ભગવાને મોકલ્યું છે. આપણે એના હેતુને ફળાવા દેતા નથી. ત્યાં એ બાપલિયો શું કરે ? તારામાં એ સમજ હજી ઊંડી ઊતરી નથી. નહિતર તને તો ભગવાને આ તક આપી છે, પરંતુ તે બાજુની સમજણ ઊંડી ન ઊતરતી હોય એનું શું થાય ?

દુઃખનાં રોદણાં રડવાથી દુઃખ વધવાનું છે. દુઃખને ધીરજપૂર્વક, દઢતાથી સહન કરી લઈશું અને તે પણ જેટલું છાનું છૂપૂં સૂક્ષ્મ રીતે તેટલું તે ફળદાયી નીવડવાનું છે. દુઃખની સ્થિતિમાંથી પણ આપણે શો ફાયદો-લાભ મેળવી લેવાનો છે- એનાથી આપણે કેટલા અંતર્મુખ થઈ શકીએ છીએ તે આપણે જોવાનું છે. જ્યારે આપણી સમધારણ સ્થિતિ હોય છે ત્યારે આપણને કશું નવું સૂઝતું નથી હોતું, પરંતુ જે સ્થિતિ હોય છે એનાથી જુદી દશા બને છે ત્યારે આપણને નવું સૂઝે છે, પરંતુ એને બદલે નવી પરિસ્થિતિને આપણે આપદ સમાન ગણી લઈએ છીએ. એટલે એ આપણને આપદનો જ ગુણ સારે છે. દુઃખની સ્થિતિ આપણને ઊંડા ઊતરવાની તક આપે છે, ઊંડું વિચારવાની તક આપે છે, તે શા માટે મળ્યું છે, ક્યાંથી મળ્યું છે, કેમ મળ્યું છે ? એ વિચારાય છે ત્યારે એમાંથી સહન કરવાની તાકાત, ધીરજ, સાહસ વગેરે ગુણો કેળવવાનું આપણને દુઃખના પ્રસંગમાંથી બને છે. દુઃખથી જરૂર લાભ ઉઠાવી શકાય છે. દુઃખથી જે નાહિંમત બને છે તે સર્વસ્વ ગુમાવે છે.

ત્યાં અભ્યાસમાં બધાંથી પાછળ પડાયું છે એમ કાગળથી જાણ્યું છે, તો કૃપા કરીને કોઈ હોશિયાર વિદ્યાર્થી પાસે કે બીજા અધ્યાપકો પાસે નમ્રતાથી જઈને એટલું શીખી લેવાની વૃત્તિ રાખજે. અભ્યાસમાં ખૂબ ઉમંગ, ઉત્સાહ અને આનંદ રાખ્યા કરજે. મનમાં દઢ વિશ્વાસ ને નિશ્ચય રાખજે કે પાસ થવાવાનું છે જ ને એમ ધારીને મહેનત કરવામાં બાકી રાખવું નહિ. ખૂબ ઉત્સાહમાં અને આનંદમાં રહેજે. તારા કાગળ ઉપરથી એવું જણાતું નથી.

જીવન એ તો મોજ માટે છે. આનંદ માટે છે. રોદણાં રડવા માટે નથી. **જીવન એ નિરાશાઓનું કંઈ પિયર નથી.** જીવન એ તો નવોઢાના ઘૂંઘટમાં છુપાયેલું સ્મિત કરતું ચંદ્રવદન છે. જીવનમાં જેને આનંદ જડ્યો નથી એ માનવી માનવીરૂપે નથી જીવતો. એ માનવીરૂપે ભલે હોય, પણ એનામાં માનવીના પ્રાણ-ચેતન પ્રગટેલાં નથી. તારા જેટલી ઉંમરમાં તો જીવનનો ઉત્સાહ અને ઉલ્લાસ થનગનતો નાચતો કૂદતો હોય ત્યાં આવાં શા તારાં રૂપ દેદાર ? તારામાં રહેલી શક્તિનો તું કદી વિચાર સરખોય કરતી નથી. તારામાં રહેલી જે પ્રેમની ભાવના છે એને એના ઉચ્ચતર ક્ષેત્રમાં કેળવવાની કલ્પનાને કદી તેં વેગ આપ્યો છે ખરો ? વજુએ ભલે તને અત્યાર સુધી નકારી હોય, પરંતુ એને લીધે તેં જીવનને જે હતાશ બનાવી દીધેલું છે એનાં આ બધાં પરિણામો છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિઓ, પ્રસંગો આવે તેનાથી આપણે હતાશ થઈ જવાનું નથી. વજુએ નજર ન કરી તો શું ? સ્થૂળ વજુ વિના બીજું જીવન જ નથી ? જ્યારે જ્યારે આપણે કોઈ પણ એક વૃત્તિને તાબે થઈ જઈએ છીએ ત્યારે એ વૃત્તિ

આપણને ક્યાંની ક્યાંય ઘસડી જાય છે. આપણને એ સંપૂર્ણ પ્રત્યાઘાતી બનાવી દે છે. જીવનમાંથી એક વખત જીવનની સુરખીને-લાલીને- અસ્ત થવા વારો મળે છે, પછીથી એમાં જીવનને પ્રગટાવવું અઘરું થઈ પડે છે.

**'પીળાં પર્ણો કદી નથી થતાં**
**કોઈ કાળે જ લીલાં.'**

તેવી રીતે મરેલું જીવન જલ્દીથી સજીવન થતું નથી. એને ગત જીવનની છાયા જ્યાં ત્યાં ડોકિયાં કરતી જણાયાં કરતી હોય છે ને એની પ્રતિભા એ પાડ્યા કરતી હોય છે, પરંતુ આપણામાં જ્યાં સુધી જીવ છે,ત્યાં સુધી આપણામાં જીવન આવવાની આશા નાશ પામતી નથી.

આપણે જીવન જો જીવવવું જ હોય તો જીવનના પ્રકાશને આપણામાં એના સ્વરૂપમાં આપણે આવવા દેવો જોઈશે. ગમે તેવાં પરિણામો કે પ્રસંગો આવે એનાથી આપણે લેવાઈ જવાનું નથી. જે ધ્યેયની પાછળ મરી જાણે છે, તે સહુ કંઈ કરી શકવાને સમર્થ થાય છે. કોઈ આપણા માટે કંઈ કશું કરે કે ન કરે તે સાથે આપણે કશી લેવા દેવા નથી. વજુ જો એ કરવા યોગ્ય ધર્મ કે કર્મ નહિ કરે તો એ કંઈ એમ ને એમ આકાશમાં ઊડી જવાનો નથી. સૌ સૌને પોતપોતાનાં ક્ષેત્રમાંનાં યોગ્ય કામો યોગ્ય રીતે કુશળપણે કરવાનાં છે જ. એમાંથી કોઈ છટકી શકવાનું નથી, માટે વજુ, વજુનું જો યોગ્ય રીતે સંભાળશે, તો જ વજુને ઠીક થઈ પડવાનું છે. વજુ જાણે કે માથે આવેલું ગાળિયું કાઢી નાખું, વેઠ ઉતારું એવી ભાવના સેવતો હશે તો એ વજુનો કશો શક્કરવાર વળવાનો નથી. તેમ જ સૌ ! જયુ એવું કરશે તો જયુનો પણ કશો શક્કવાર વળવાનો નથી. તમારા બન્નેના જીવનમાં એક પ્રકારની જે ઉષ્મા આહ્‌લાદ, આનંદ અને પ્રેમનો તરવરાટ જોઈએ એનાં મને દર્શન થયાં નથી, ત્યાં સુધી મને કેમ સંતોષ થાય ? માટે એ ભણી તમે બન્ને લક્ષ ને વૃત્તિ રાખશો એટલી વિનંતી અને પ્રાર્થના છે.

જીવનમાં એકમેકની પાસે આવવામાં સુખ સગવડનાં સાધન કે વૈભવની જરૂર નથી. એમાં તો માત્ર હૃદયની વૃત્તિ અને તેવી દૃષ્ટિની જરૂર રહે છે. એમ હોત તો ગરીબ ખેડૂત કે ભંગી, જીવનની મોજ ન માણી શકેને ?

જીવનનો મર્મ શો ? જીવનનો હેતુ શો ?એ જ હજી આપણને સમજાયું નથી, ત્યાં જીવનની મજા ક્યાંથી માણી શકીએ ? જીવન એટલે વૈતરું કે વેઠ નથી. જીવનમાં તો ઊર્મિનાં-લાગણીનાં ભાવનાનાં પૂર વહેતાં હોવાં જોઈએ એને બદલે આજે આપણને સમાજમાં કેવાં જીવનનાં દર્શન થાય છે ? આપણે પણ જો તેવાં રહેવું હોય તો આપણી સાથે સલામી જ કરવાનું રાખજો. જોકે આપણો ભાવસંબંધ વહાલનો રહેવાનો જ પણ તે રહેવા પૂરતો જ. મારી સાથે રહીને જો મને સાથ ન આપવાનો હોય તો પછી મને એકાદ ઊંડા ખાડામાં જ ધકેલી દેવો એ શું ખોટો ? આનો અર્થ અને રહસ્ય સમજવાનું બળ અને દૃષ્ટિ ભગવાન આપણને આપે એટલી વિનંતી છે.

લિ. તારી બાના સપ્રેમ ઘણા ઘણા આશિષો.

(પૂજ્ય શ્રીમોટાના પત્રના આધારે) (સંકલિત) ❑

## (૨) દુઃખદર્દ એ કર્મભોગ જ છે

**શ્રી જેસંગ બાવજી**

**વ્યાધિ ભોગવટે જ દૂર થાય છે.** દવાથી નહિ. દવા તો ડગતા મનવાળાને એક આશ્વાસનરૂપ છે. દવાથી દર્દ મટે છે તે તત્ત્વની દૃષ્ટિએ ખરું નથી. ભોગવટો પૂરો થતો હોય અને ટાઈમ ઉપર દવા વગેરે સંજોગો કદાચ અસર કરે, કારણ કે હવે ભોગવટે પણ જવાનું જ હતું. તેથી દવા નિમિત્ત ગણાય, પણ **દુઃખદર્દ એ કર્મભોગ જ છે.** તે તો સમતાથી વેદવું અને શ્રીહરિનું સ્મરણ કરવું એ જ ઉત્તમ ઇલાજ છે.

કર્મમળનું જવું તે પણ પુણ્યકર્મ કરેલાં તે ઉપર જ છે. ખેડૂતને કોઠીમાં દાણા ખૂટે છે, પણ વાવણી ટાણે ખેડૂત જેમ બીજેથી લાવીને પણ વાવણીનું ટાણું ચૂકતો નથી તેમ ધર્મીજીવ કર્મથી કંટાળીને ધર્મ ત્યજતા નથી. એ તો જેમ ખેડૂતને પરભારા દાણા ધણીના જતાં, તેની બારમાસની વપરાશ પૂરી પાડે છે, પણ કોણ આપશે ? ક્યાંથી લાવીશ ? હું ખેડૂત છું અને બીજા પાસેથી બીજ લાવીને વાવીશ તો દુનિયા મને શું કહેશે ? તેમ વિચારી આળસ અને પુરુષાર્થહીન થાય તો ભીખ માગવાનો સમય આવે છે. તે વખતે દુનિયા તો કહેવાનું કહે છે અને તે સાંભળતાં ભીખ માગવી પડે છે, પણ વાવણીનાં બીજ તેને મહેનત માથે નથી પાડતાં. તેમ ધર્મજીવ કર્મથી કંટાળીને ધર્મ ત્યજતા નથી, તો ઈશ્વર તેમને જરૂર સહાય કરે છે. માટે ધર્મીએ ટાઈમે પ્રસંગ, સંજોગ ગમે તેવા હોય પણ ધર્મની ખેતીમાં દુનિયાની લાજશરમ ગણવી ન જોઈએ, તો ઈશ્વર સહાયભૂત થાય છે.

રઘુરાજાની ધરતીમાં ગાયો ચરતી હતી. ત્યાં સરયૂની સામે કિનારે વાઘે ગર્જના કરી, જેથી ગાયો ભડકીને નાઠી. તેમાં એક વૃદ્ધ ગાયે બધી ગાયોને રોકીને કહ્યું રઘુરાજાનું વચન છે કે મારી ધરતીમાં નિર્ભયતાથી ચરોફરો. ધરતી તેની છે અને વચન તેનું છે. તેનું પાલન કરીશું તો તે ધરતીના ધણીને આ ખબર નહિ હોય ? માટે તમે નાસીને કેટલે જશો ? પણ રાજાનાં વચન ઉપર વિશ્વાસથી રહો. જેથી ગાયો ઠરી. રઘુરાજા તે જ સમયે પૂજા કરતા હતા. તેમણે આ જાણ્યું અને એક ડાભની સળી મારી કે જેથી વાઘ સરયૂને સામે કિનારેથી આ કિનારે ગાયો ઉપર તડપેલો તે અડધી સરયૂમાં બે ટુકડા થઈ પડ્યો અને ગાયો બચી.

તેમ આપણે પ્રભુ, પ્રભુ કરીએ પણ તેના ઉપર તેનાં વચન ઉપર વિશ્વાસ કર્યા વગર દોડાદોડ કરીએ તેમાં પ્રભુને શું ? શ્રદ્ધા અને વિશ્વાસ વગર ઉપર ઉપરથી પ્રભુને માનવું અને નાભીમાં આપણે કરનાર (કર્તા) થઈએ તો કામ બને નહિ.

કોઈને કદી મરોડમાં બોલવું નહિ, કારણ કે તેથી સામાને હલકો ગણીને તે વાણી નીકળે છે. તેમાં પ્રભુ રાજી રહે નહિ અને ધર્મ પમાય નહિ. કોઈના ઉપર કદી પણ ખટાશ કરવી નહિ, પણ ક્ષમા ખડગ પકડે તો મોક્ષ દોડતો આવે. કોઈ ગમે તેવું બોલે પણ આ વાત યાદ આવે તો જીવ ખમી લેતાં શીખે. કોઈ વખત આવાં ખમી ખાધેલાં વચન જીવને જરૂર વૈરાગ્ય લાવ્યા વિના રહે જ

નહિ, કારણ કે જીવ રાગથી બંધાયેલો છે અને ખમી જાય તો, જેને પોતાનાં ગણ્યાં હોય તેનાં જ વચનો અંદર ઊતરીને વૈરાગ્ય લાવે કે અરે ! હું મથતો હતો, જેમના માટે મેં કાળાંધોળાં, છળપ્રપંચ કર્યાં તે તો આમ બોલે છે ? તેમનાં નિમિત્તે મેં કરેલ કર્મ મારે જ ભોગવવાનાં છે ! આમ થતાં હૃદય સાફ થતું જાય છે, પણ જો જીવ સામો પડે તો રોષ વધે છે.

જીવ આપમેળે કદી પણ બદલાતો નથી. જો પ્રભુના આશયથી ચાલે તો જ તેની પ્રકૃતિ- તેનો સ્વભાવ બદલાય છે. જીવને આદી અનાદીની પ્રકૃતિ પડી ગયેલ છે. આ તો કલમ ચડાવવા જેવું છે. બોરડીને કલમ કરવી હોય તો તેને કાપી, નવીન ગોભા આવે તેના ઉપરથી ભૂંગળી ઉતારી કલમની ભૂંગળી ચડાવાય છે. તેમ બદલ્યા સિવાય જીવનો શિવ ન થાય. બોરડીનું જીવન કલમ કરનારને આધીન રાખે છે તો કલમી બોર થાય છે, તેમ જીવન પ્રભુના આશયે અને આશરે જો સોંપાય તો જ વહાલાના હાથે કલમ ચડી શકે, સિવાય આપબળે તો નહિ જ.

**સંસાર બધો ચિત્તમાં જ છે, શરીરમાં નથી.** તેથી હરઘડી સારા સારા ભાવ વિચારોમાં રહેવું. જીવને નબળા વિચાર આવે તો કોઈ સારો સંગ અગર મહાપુરુષના શરણે જવું કે મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચવા અને વિચારવા. આપબળે ટાળવા જાય તો ટળતા નથી. ઊલટા પાકા થાય અને વધતા જાય છે. છેવટે તે જગ્યા પણ છોડવી.

વસાઈમાં સવજીકાકા, કૂતરાને રોટલો નાખતા હતા, તે વખતે એક કૂતરું રોટલો ખાવા માટે એટલું તો તાલાવેલીવાળું થયું હતું કે તેના રોમ રોમ રોટલો ઝંખી રહ્યા હતા, તેમ દેખાતું હતું. ઈશ્વરની પ્રાપ્તિ માટે જીવના આમ રોમ રોમ ઝંખના કરે ત્યારે ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. જમતી વખતે જેમ એક જ થાળીમાં ભોજન છે, પણ તેના ગુણદોષ જુદા જુદા છે અને તે તેવી અસર કરે છે, તેમ એક જ ઘરમાં અને એક જ જગતમાં બધા મનુષ્ય છે, પણ ગુણદોષ દરેકના જુદા જુદા હોય છે. તેથી તે માટે રાગદ્વેષ ન કરવા. દરેકના સ્વભાવ ગમે તેવા હોય તે સાથે આપણે શું ? પણ દરેકમાં રામ રહેલો છે તેનો ખ્યાલ રાખવો.

પ્રભુની વાતની શરૂઆત, શરીર, તેનો સંબંધ અને માયાથી પરના વિચારથી જ કરવાની છે. તે જ પ્રથમ ભૂમિકા ગણાય છે. આ સંસારમાં ગ્રહસ્થ માટે કંઈ ત્યાગભાવના ડોળ કરવા જેવી કોઈ બાબત નથી, પરંતુ માથે આવી પડે તે ફરજ અદા કરવી અને તે બધું કરતાં કરતાં દૃષ્ટિબિંદુ પ્રભુ-સત્પુરુષ-મય રાખવું. માત્ર તે જ સત્પુરુષ સારભૂત છે. એટલી હદે નિશ્ચયથી વર્તવા જેવું છે. તો ભોગ ભોગવતાં પણ જોગ સાંપડે અને સંસાર તરી શકાય. એ વાત જ મહત્ત્વ અને સારવાળી છે. બાકી, અસાર સમજાય તો પછી સંસારના વર્તને પણ શાંતિ પ્રવર્તે છે. સત્પુરુષની છાયા, શરણ, સ્મરણ સિવાય શાંતિ આવે તેમ નથી.

• • •

હું પ્રભુશ્રીને (સદ્ગુરુ શ્રીમદ્ રામજીબાપાને) એક સેકંડ પણ ભૂલતો નહિ. જાગતાં તો નહિ

**(અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)**

# (૩) ત્રેસઠ ધૂણી વચ્ચે સાધના

શ્રીમોટા

કોઈક અનુભવીએ મને કહ્યું કે બ્રહ્મચર્યને પરિપક્વ થવાને માટે કે બ્રહ્મચર્યનું યથાયોગ્યપણે પાલન થાય, સ્વાભાવિક થઈ જાય એને માટે અમુક પ્રકારની સાધનાની જરૂર છે. આપણા દિલમાં ભાવ જ્યારે ચેતનવંતો પ્રગટે છે ત્યારે પ્રાણની પ્રકૃતિની નિમ્ન હકીકતો, વિષયો બધાં ગૌણ બની જાય છે. એ હકીકત હોવા છતાં એક એવા સાધનાના અનુભવી મહાપુરુષે સૂચવ્યું કે 'તું ચૈત્ર માસમાં કોઈ ખરેખરા એકાંત સ્થળે જઈને પર્વતની એકાંત જગાએ જ્યાં જળાશય હોય ત્યાં શિલા ઉપર ખરેખરા તડકામાં બેસીને આ સાધના તું કર અને તારા દિલમાં ભાવના તો છે એટલે તને તે સાધનાથી જે લાભ મળશે તે તો અનોખો હશે એ તને અનુભવથી સમજાશે.'

એટલે તે સૂચન સ્વીકારી લીધું અને કોઈક જગાએ ખાસ કરીને યાદ છે ત્યાં સુધી નર્મદા માતાનો જ પ્રદેશ હતો, ત્યાં ભરબપોરે અગિયાર વાગ્યાથી એક તપેલી શિલા ઉપર બેસી જતો અને બેસવાની જગાથી ત્રણ ફૂટ આગળ દોઢ ફૂટ ઊંચી અને બે ફૂટ પહોળી એવી ૨૧ છાણાંની ધૂણી, તે પછી બીજા ત્રણ ફૂટ દૂર એવી બીજી ૨૧ ધૂણીઓ અને તે પછીના બીજા ત્રણ ફૂટના અંતરે ત્રીજી ૨૧ છાણાંની ૨૧ ધૂણીઓ ગોળાકારે બનાવેલી. એવી ૬૩ ધૂણીઓ ધિકાવીને બેસતો. ઉનાળાનો ચૈત્ર માસનો પ્રખર તાપ અને શિલા ઉપર નગ્ન શરીરે બેસવાનું અને તે લગભગ પાંચ-સાડા પાંચ કલાક સુધી સાંજે પાંચ વાગતાં સુધી બેસી રહેતો. એ કાળ દરમિયાન ભાવાવસ્થા ધ્યાનાવસ્થામાં આપમેળે જતો. ભજન કીર્તન કરતો ત્યારે ભાવાવસ્થા થઈ જતી.

આ શરીરમાં અનેક પ્રકારનો મળ છે. જેમ મળશુદ્ધિ સાધના માટે અનિવાર્ય છે તેમ શરીરનાં અનેક કરણોની શુદ્ધિ, ચિત્તની શુદ્ધિ, પ્રાણની શુદ્ધિ, સંકલ્પની શુદ્ધિ-આ બધી શુદ્ધિઓની સાધનામાં અનિવાર્યતા છે. એવી રીતે આ શરીરના રોમેરોમની મળશુદ્ધિ થવી જરૂરી છે. અને એ મળ આ પરસેવા વાટે જ નીકળી શકે. શરીરમાંથી પરસેવો નીકળે છે એ કુદરતે આપણા શરીરમાં મૂકેલી પ્રક્રિયા આપણા શરીરની યથાયોગ્યતા જાળવવાને માટે જ મૂકેલી છે. એનું ભાન આપણા લોકોને બહુ ઓછામાં ઓછું છે. આજે એક એવા પ્રકારનો કાળ પ્રગટ્યો છે કે જ્યારે પવન વગર માણસોને ચેન પડતું નથી. ખાસ કરીને શહેરોની અંદર વાતાનુકૂલિત જગાએ, પંખાઓ ફરતા હોય અને શરીરને અનેક પ્રકારની વાયુની લહેરોથી (ઠંડક રહે) એવી રીતે રહેવાનું જે જે લોકોને પસંદ પડી ગયું છે, એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત નથી. ભલે આજે એ સાચી હકીકત લોકો માનતા ન હોય. તેમને ગળે આ હકીકત કદાપિ ઊતરી નહિ શકે, પણ શરીરમાંથી પરસેવો નીકળે અથવા તો શરીરનો પરસેવો જેટલો વધારેમાં વધારે નીકળે એ શરીરના આરોગ્ય માટે ઉત્તમ પ્રકારની હકીકત છે.

આવી રીતે નગ્નાવસ્થામાં તપેલી શિલા ઉપર, આગળપાછળ ૬૩ ધૂણીઓ ધીકતી હોય એની વચ્ચે પાંચ છ કલાક સુધી બેસી રહેવાનું થતું. તેમાંથી શરીરમાંથી પરસેવો ઘણો બધો નીકળતો. તેને એમ માનતો કે આ પણ એક પ્રકારનો મળ

શરીરમાંથી નીકળી જાય છે, એવી દઢ સમજણ હતી અને એ ગાળાની અંદર પણ સખત તાપની વચ્ચે ચિત્તની અવસ્થા તો ભાવનામાં જ રહ્યા કરતી. સતત પ્રાર્થના, ભજન, સ્મરણ, ધ્યાનમાં એ બધાંમાં લીન રહેતો. અને ભજન ગાતાં ગાતાં જે ભાવાવસ્થા થઈ જતી એ કેટલાય વખત સુધી ચાલ્યા કરતી.

એ પૂરી થયા પછી એવી વ્યવસ્થા કરેલી કે બે માણસો લીમડાનાં કૂણાં કૂણાં જે પાન હોય તે બધાં વાટીને તેનો રસ એક માણસ એક વાટકામાં કાઢી લાવે અને બીજો માણસ બીજા વાટકામાં કાઢી લાવે. એમને એ કામ માટેના પૈસા આપતો અને પછી એ ધૂણીમાંથી બહાર નીકળીને બે રૂમાલથી આખું શરીર લૂછતો. ત્યારે તે દિવસોમાં સ્નાન કરતો નહિ અને પેલો લીમડાનો રસ ધીરે ધીરે, 'સીપ' કરતો, જરા જરા પીતો. જાણે કે ખાતા હોઈએ એમ વારાફરતી પીતો અને પૂરો કરતો. એ જ ખોરાક અને એ જ પાણી. એ ૨૮ દિવસની સાધનામાં કદી બીજો ખોરાક લીધો નથી. પાણી પણ પીધું નથી. બ્રહ્મચર્યના પાલન અર્થે બહુ ઉત્તમમાં ઉત્તમ આ સાધનાની રીત છે.

સાધના આમ જ થઈ શકે એવો વિધિનિષેધ છે નહિ. ભગવાન પરત્વેનો એકધારો ચેતનવંતો જીવતો જાગતો એકનિષ્ઠ ભાવ પ્રગટે એ જ મોટામાં મોટી હકીકત છે. અને ભાવ જો આપણા દિલમાં પ્રગટેલો જીવતો રહ્યા કરે તો બીજા કોઈ સાધનની જરૂર પણ નથી, અને એ ભાવ કેળવવાને માટે અથવા તો ચેતનવંતો આપમેળે સત વહ્યા જ કરે એ માટે અનેક જુદા જુદા પ્રકારની સાધનાનો આશરો લીધેલો છે.

'જીવન અને કાર્ય', પ્ર. આ., પૃ. ૫૬૪ ❑

**(અનુસંધાન પેજ નં. ૮ નું ચાલુ)**

પણ ઊંઘમાં પણ મને ખ્યાલ છે કે હું પ્રભુશ્રીને ભૂલતો નહિ. કામ કરતાં, ક્યાંય જોતાં પણ પ્રભુના સાંનિધ્યને પ્રભુની યાદ સાથે કામ થતું.

કરવા જેવું કામ એ જ છે કે ચરાચરમાં એક પ્રભુને હરઘડી જોવા. પ્રભુ તરફ વિશ્વાસ રતી ઘટાડવો નહિ. પણ એ તો **'દિન દિન બઢત સવાયો'** આ સ્થિતિ રાખવી અને પ્રભુ સિવાય બીજું કંઈ છે જ નહિ. એ વાત પણ સાચી જ છે. જેટલી પ્રભુની વાત વધુ એટલી માયા ઓછી, અને જેટલી માયા વધુ એટલો પ્રભુ દૂર છે. એ વાત ચોક્કસ ખ્યાલ કરવા જેવી છે, આળસ કરવા જેવી વાત નથી. આ વાતમાં જેટલી આળસ એટલું જીવનું મોળાપણું અને જન્મોજન્મ પસ્તાવાનો પાર નહિ રહે. પ્રભુને નજર સમક્ષ રાખ્યા વિના એક શ્વાસ લેવો તે વાત સમજ્યા જેવી છે !

આ જ વખત જેવો વખત અને પ્રભુનો જોગ, 'લાખ ટકાની ઘડી' એમ ભજનમાં આવે છે તેવો જોગ બેફામ પ્રમાદ, આળસ અને સંસારી રાગમાં ગાળે છે. તેને પસ્તાવાનો પાર ન રહે તેવું છે. જીવને હાલ કંઈ સૂઝતું નથી, તે તેના પુરુષાર્થની જ ખામી છે. તેમાં કંઈ કરમ (કર્મ) બરમનાં બહાનાં કાઢે તે અજ્ઞાનતા જ છે. કર્મ બહારથી નડતરરૂપ છે, અને પ્રભુની વાત અંતરંગ ધારાથી પાકનારી છે. વિચાર વિવેક, વૈરાગ્યથી ફળીભૂત થનારી આ વાતમાં ક્યાં અંતરાય નાખે પણ જીવને લાંબા ટાઈમના અભ્યાસ નહિ અને સંગ સારો નહિ અને મંદ પુરુષાર્થથી કરવા જેવું જીવ કરતો નથી.

'કેવળજ્ઞાન', પ્ર.આ., પૃ.૧૦ ❑

# (૪) શ્રી નર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

સ્વામી પ્રેમાનંદ સરસ્વતી

(ગતાંકથી આગળ...)

ધનતેરશ અને દિવાળીના દિવસો છે. લોકો ઘરને આંગણે સાથિયા પૂરી દીવડા પ્રગટાવે છે. અમે ખુલ્લી પ્રકૃતિની ગોદમાં દિવાળી મનાવી રહ્યા છીએ. અનંતકાળથી જીવ આ ઘરની અંદર ભમે છે, હજી ઉંબરો કેટલો દૂર છે તે સમજાતું નથી, પણ જેઓ ઉંબરાને વટીને બહાર ગયાં છે, તે કહેતા ગયા છે કે ઓરડા કરતાં અનંતગણો અવકાશ ઉંબરા બહાર છે. એની શોભાનું વર્ણન અમારા જ્ઞાની-ભક્તોએ પોતાનાં ભજનોમાં કર્યું છે.

મારગે ચાલતાં અમે એક ભાઈને માથે ટોપલાં લઈને જતા જોયા, પૂછ્યું તો તે જામફળ વેચવા જતો હતો. અમને જામફળ આપવા વિનંતી કરી તો કહે આ તો ગામમાં વેચવા જઉં છું. થોડે દૂર મારી વાડી છે ત્યાં જશો તો જામફળ મળશે. અમે એ વાડીએ પહોંચ્યા. ડોશીમાએ પરાણે બધાને પહેલાં ચા પાઈ પછી માડી ખોળો ભરીને જામફળ લઈ આવ્યાં. જે રીતે હું એક પછી એક જામફળ ખાઈ જતો હતો તે જોઈને સાથીઓને ચિંતા થઈ કે આજે સ્વામીજીની તબિયત બગડશે.

અમે આગળ વધવા તૈયાર થયા ત્યારે માડી સાથેની એક બહેને અમને આગ્રહ કરીને ભોજન માટે રોક્યા. ઝૂંપડાની બહાર તાપણાના પ્રકાશે ભોજન તૈયાર થયું. બહેને અમારે કપાળે કુમકુમના ચાંદલા કરી આગ્રહપૂર્વક શુદ્ધ ઘીનો શીરો-પૂરી-શાક જમાડ્યા. ભાઈ-બીજના દિવસે અમને ભાઈ તરીકે આવકાર્યા હતા એટલે વહેલી સવારે નીકળતી વખતે મારી ગરીબ સાધુની યાત્રીની ઝોળી ફંફોળી અને જે હાથમાં આવી તે થોડી મૂડી એ સ્નેહસરિતાના હાથમાં પધરાવી, નીચી નજરે, ગદ્‌ગદ કંઠે, ભારે પગલે પાછુ વાળીને જોવાની હિંમત વિના સજળનેત્રે હું ચાલતો રહ્યો.

નાંદેર ગામ વચ્ચેથી પસાર થતાં ગામ વચ્ચે એક સજ્જન મળી ગયા. હાથ જોડી, વિનંતીના સ્વરમાં અમને કહે, ‘પધારો સંતો, આપને માટે સદાવ્રત (દાળ-લોટ) તૈયાર છે. સદાવ્રત લઈને અમે નીકળ્યા ત્યારે એ સજ્જન અમારી સાથે ઘણે લાંબે સુધી ચાલતા આવ્યા. ખૂબ સમજાવીને અમે એમને રોક્યા. અમે દેખાતા બંધ થયા ત્યાં સુધી સજળ નયને અમને એ જોતા ઊભા રહ્યા હતા. રસ્તે બોરડીના ઝાડ આવે. બોર વધારે ખાવાથી રાત્રે ખૂબ ખાંસી આવે તોપણ હું અને સાથીદાર મનસુખો ખૂબ બોર ખાઈએ. વિષયનો રસ, જીવ આ રીતે જ શિક્ષારૂપે ભોગવે છે.’

આગળ વધતાં સોનાદહર ઘાટે પહોંચ્યા. આ સ્થળ ભૃગુજીની તપોભૂમિ ગણાય છે. આગળ જતાં એક પોસ્ટઑફિસેથી અમારા નામે આવેલ પત્ર, મનીઑર્ડર મેળવી લીધો. એ પરિવારે અમને ખીર-પૂરી-શાકનું ભોજન કરાવ્યું. અહીં ખીરમાં થોડું મીઠું નાખવાનો રિવાજ છે. આગલા દિવસે જે શીરો જમ્યા હતા તેમાં પણ સબરસનો અંશ હતો.

મધ્ય પ્રદેશનો સાગર જિલ્લો જે વિસ્તારનો બન્યો છે ત્યાં વર્ષો પહેલાં ગૉંડ રાજાનો સાતસો

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૫) શ્રીમોટા : ઘરનોકર તરીકે

સોમાભાઈ ભાવસાર

શ્રીમોટા જ્યારે હરિજન સેવાનાં કામ કરતા હતા ત્યારે દર વર્ષે એક મહિનો રજા લઈને કોઈ એકાંતને સ્થળે જતા અને ત્યાં તેઓ તેમના ગુરુમહારાજના આદેશ અનુસાર સાધના કરતા.

એકવાર તેઓ આ રીતે જબલપુર પાસેની નર્મદા નદીના ધૂંવાધાર જગ્યાએ સાધના માટે જઈ રહ્યા હતા, ત્યાં રસ્તામાં એમનું ખિસ્સું કપાઈ ગયું અને ખર્ચ માટે જે પૈસા લીધેલા તે જતા રહ્યા.

શ્રીમોટાએ વિચાર કર્યો કે જબલપુરના કોઈ ગુજરાતી વેપારી પાસેથી પૈસા ઉછીના લઈને પ્રવાસ આગળ કરવો. તે માટે તેઓ જબલપુરમાં ગયા. ફરતાં ફરતાં એક મોટા ગુજરાતી વેપારીની દુકાન આવી. તેમાં તેઓ ગયા.

શેઠ બેઠા હતા. તેમને પ્રણામ કરીને શ્રીમોટા બોલ્યા, 'મારે આપને એક વાત કરવી છે.'

શેઠ બોલ્યા, 'ખુશીથી કરો.'

શ્રીમોટાએ તેમને ધૂંવાધાર જવાની વાત કરી અને ત્યાં જવાના ખર્ચ માટે જે પૈસા લાવેલા તે ખિસ્સું કપાવાથી ચાલ્યા ગયા છે. હવે જો આપ ઉછીના પૈસા આપો તો મારાથી ત્યાં જવાય. ઘરે જઈને લીધેલા પૈસા હું તરત પરત કરીશ.'

પણ અજાણ્યા માણસને એમ ઉછીના પૈસા કોણ આપે ? તેમ તે સાચો છે કે ખોટો તે જોવાની શેઠને ફુરસદ પણ ક્યાં હતી ? એટલે શેઠે તરત કહી નાખ્યું, 'ઉછીના બુછીના પૈસા અમે કોઈને આપતા નથી. તારે નોકરી જોઈતી હોય તો સગવડ કરી આપું. ઘરે એક નોકરની જરૂર છે, પણ ઘરમાં જે કાંઈ કામ બતાવે તે બધુંય કામ તારે કરવું પડશે. બોલ, છે મરજી ?'

શ્રીમોટાએ હા પાડી.

શેઠે બૂમ પાડી દુકાનના એક માણસને બોલાવ્યો અને કહ્યું, 'જો, આ ભાઈને ઘેર લઈ જઈને શેઠાણીને કહેજે કે તમારે ઘર માટે નોકર જોઈતો હતો તે મોકલ્યો છે.'

શ્રીમોટા તો પેલા માણસની સાથે શેઠને ઘેર ગયા. અને ઘરનોકર તરીકે કામ શરૂ કરી દીધું. એક મોટો ઢગલો વાસણ માંજવાનાં હતાં. બાળપણમાં શ્રીમોટાએ આવું કામ કરેલું એટલે વાસણ જલદી અને સારાં કેમ મંજાય તેનો તેમને અનુભવ હતો. તેમણે જલદી જલદી વાસણ માંજી નાખ્યાં અને તાપમાં સૂકવવા મૂક્યાં. વાસણ ચકચકાટ મંજાયાં હતાં. શેઠાણીએ દૂરથી વાસણ જોયાં ને ખુશ થઈ ગયાં. મનમાં થયું કે નોકર સારો મળ્યો છે.

પછી ધોવાનાં ગાંસડો કપડાં હતાં. આ બધાં કપડાંની ત્રણ વિભાગમાં તારવણ કરી : એક સૌથી ઓછાં મેલાં કપડાં, પછી એથી જરા વધારે મેલાં કપડાં અને છેલ્લાં સૌથી વધુ મેલાં કપડાં. સાબુના પાણીમાં બધાં બાફ્યાં. પછી સૌથી ઓછાં મેલાં કપડાં પહેલાં ધોયાં, પછી એથી વધુ મેલાં હતાં તે ધોયાં અને છેલ્લે સૌથી વધુ મેલાં કપડાં ધોયાં. આ રીતે બધાં કપડાં ધોઈને સૂકવી દીધાં. પછી જે જગ્યાએ કપડાં ધોતા હતા તે જગા વાંસની સળીના સાવરણાથી ધોઈ નાખી.

બાર-સાડા બાર વાગ્યે શેઠ જમવા આવ્યા. શેઠે અને ઘરનાં બીજાએ જમી લીધા પછી શ્રીમોટાને જમવા મળ્યું.

પાછો ફરીથી વાસણનો ઢગલો થયો. સવારની જેમ જ શ્રીમોટાએ બધાં વાસણ બરાબર માંજીને, ચકચકાટ કરીને સૂકવવા ગોઠવ્યાં. વાસણ ઘસેલી

ચોકડી પાછી સારી રીતે ધોઈ નાખી.

આમ, બપોરના બે ઉપર થઈ ગયા. ત્રણ વાગ્યા પછી ચાપાણી થયાં. પાછાં તેનાં વાસણ માંજી નાખ્યાં. આખું ઘર સવારના તો વાળીને પોતું મારી સાફ કર્યું હતું. બપોરે પાછું ફરી વાર વાળી નાખ્યું, ત્યાં ચાર વાગ્યા. સૂકવેલાં બધાં કપડાંની ગડી કરીને જે તે સ્થાને મૂકી દીધાં. વચ્ચે વચ્ચે સમય મળે ત્યારે શેઠાણીનાં બાળકને તેડીને ફરે. મોટા, છોકરાને વાતો કરીને રાજી કરે. આમ, સવારના આવ્યા ત્યારથી એમનું કામ ઘડિયાળની જેમ સતત ચાલુ જ હતું.

સાત વાગ્યા પછી જ્યાં પથારીઓ પાથરવાની હતી ત્યાં પાથરી દીધી. દરેક પથારી ઉપરની ચાદર એવી ખેંચીને પાથરી કે જોનારને લાગે કે પથારી સરસ પાથરી છે.

રાતે નવ વાગ્યા પછી બધાંએ જમી લીધું. શ્રીમોટા પણ જમ્યા અને પાછો વાસણનો ઢગલો ચોકડી ઉપર ખડકાયો. શ્રીમોટાએ સવારની જેમ એ જ ચીવટથી અને એ જ ખંતથી વાસણો ચકચકાટ ઘસીને નીતરવા ગોઠવી દીધાં. ચોકડી ધોઈ, રસોડું ધોયું અને પોતાથી લૂછી નાખ્યું. પછી વાસણ ગોઠવીને રસોડાનાં બારણાં આડાં કર્યાં.

શેઠાણીએ કહ્યું ત્યાં શ્રીમોટાએ પોતાની પથારી પાથરી રાખી હતી. શ્રીમોટાને હવે કશું કામ ન હતું. એટલે ત્યાં તો ઘરનાં છોકરાં 'અમને વાત કહો, વાત કહો', કરતા આવ્યાં અને શ્રીમોટાએ તેમને વાતો કહી. આખરે છોકરાં પણ સૂવા ગયાં.

રાતના અગિયાર વાગી ગયા હતા. ઘરનાં બધાં જ સૂઈ ગયાં હતાં, ત્યારે શ્રીમોટા તેમની પથારીમાં બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરી રહ્યા હતા. ભગવાનનું નામ લેતાં લેતાં તેઓ ક્યારે સૂઈ ગયા તેની ખબર પડી નહિ, પરંતુ સવારે આંખ ખૂલી હશે ત્યારે ચાર-પાંચ વાગેલા. ઘરનાં કોઈ જાગ્યાં ન હતાં એટલે શ્રીમોટા બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરવા લાગ્યા. છ વાગ્યે ઘરના મોટા માણસો જાગ્યા એટલે શ્રીમોટાએ ઊઠી એમની પથારી સંકેલી ઠેકાણે મૂકી દીધી અને દાતણપાણી કરી તેમને કરવાનાં નિત્યકામમાં પડી ગયા. ઘરનાંને શાંતિ હતી કે નવો નોકર સારો છે અને આપણે નહિ કહીએ તોય તેનું કામ કરશે.

આ રીતે શ્રીમોટાએ પાંચ-સાત દિવસ કામ કર્યું. તે ઉપરથી શેઠને લાગ્યું કે આ નોકર કામ કરનારો માણસ નથી, પણ ખરેખર આપદમાં આવી પડેલો માણસ લાગે છે. આથી, શેઠે શ્રીમોટાને ખાનગીમાં બોલાવી પૂછ્યું, 'ભાઈ, તું નોકરમાણસ લાગતો નથી, પણ આપદમાં આવી પડેલો છે, તેથી અહીં નોકર તરીકે કામ કરે છે, ખરુંને ?'

આ પછી શ્રીમોટાએ શેઠને બધી વાત કરી કે પોતે હરિજનસેવાનાં કામ કરે છે. દર વર્ષે એકાદ માસ કોઈ એકાંત જગાએ જાય છે, તે પ્રમાણે અહીં ધૂંવાધાર જવા આવેલો, પરંતુ રસ્તામાં ખિસ્સું કપાઈ જવાથી પૈસા ચાલ્યા જતાં ત્યાં જઈ શકાયું નથી.

શેઠને થયું, બિચારાના નાહકના પાંચ-સાત દિવસ બગડ્યા. શેઠે શ્રીમોટાને જોઈતા પૈસા આપ્યા અને શ્રીમોટા ઘરનાં શેઠ-શેઠાણી અને બીજાની રજા લઈને જબલપુરથી ધૂંવાધાર જવા ઊપડ્યા.

ધૂંવાધારથી નડિયાદ આવ્યા બાદ શ્રીમોટાએ શેઠને આભાર માનતો પત્ર લખ્યો. એ વાંચીને શેઠ એટલા પ્રસન્ન થયા કે નડિયાદની હરિજનશાળાને તેઓ દર માસે રૂપિયા પાંચની મદદ મોકલાવતા. આ મદદ કેટલાંય વર્ષો સુધી મળી.

'તરણામાંથી મેરું', બી.આ., પૃ. ૧૧૬ ❑

## (૬) રાજકરણી પુરુષોમાં ધર્મ-ભાવનાની અને ધાર્મિક પુરુષોમાં સામાજિક કાર્યની ઊણપ છે

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

પૉંડિચેરીના અરવિંદ આશ્રમવાળા શ્રી દિલીપકુમાર રાયે આપણા કેટલાક મહાન સમકાલીનો-કલાકાર રોમાં રોલાં, સંત ગાંધી, વિચારક બર્ટ્રૉંડ રસેલ, કવિ રવીન્દ્રનાથ ટાગોર અને ઋષિ શ્રીઅરવિંદ સાથેના પોતાના વાર્તાલાપ અને પત્રવ્યવહાર તેમના પુસ્તક 'વિભૂતિઓના સાંનિધ્યમાં' સંગ્રહેલા છે. શ્રી દિલીપકુમાર રાય તીર્થંકર છે, સત્યશોધક યાત્રી છે, જ્ઞાનના પિયાસુ છે.

વિભૂતિ એટલે શું ? આપણે માપી જોખી શકીએ એવો વિભૂતિનો કોઈ ગુણ જણાતો નથી. તેમ છતાં આપણને જ્યારે તેનો ભેટો થાય છે ત્યારે આપણે તેને ઓળખી શકીએ છીએ. જેઓ ઉદાત્ત મનના અને વીર હૃદયના માનવીઓ કદી પણ શંકામાં ઘેરાયા વગર અને હાર સ્વીકાર્યા વગર પોતાના ધ્યેય તરફ આગળ ધસતા રહે છે, તેમનામાં વિભૂતિમત્તાનાં દર્શન થાય છે.

રવીન્દ્રનાથ ટાગોર કહે છે : 'દરેક જમાનાના દરેક દરેક દેશમાં મૂઠીભર માણસો પ્રકાશના કણ બનીને બેઠા હોય છે, જેમણે હિંમતભેર એવું જાહેર કર્યું છે કે અમે એકલા પડી ગયા છીએ તોયે કોઈથી ડરતા નથી. તમે તેમની મશ્કરી કરો, તેમની સતામણી કરો, અરે પ્રાણ સુધ્ધાં લો, પણ તેઓ કદી સામો ઘા કરતા નથી, કારણ તેઓ પોતાના હૃદયમંદિરમાં વિરાજતા ઈશ્વરના નાદને સનાતન નિષ્ઠા અને પ્રેમપૂર્વક વરી ચૂકેલા છે.'

આ પુસ્તકમાં જે વરિષ્ટ આત્માઓનાં મંતવ્યો નિર્ણયો રજૂ કરવામાં આવ્યા છે તેઓ ગંભીર નમ્રતા અને ઊંડી અંતર્દષ્ટિ ધરાવનારા પુરુષો છે. સાંપ્રદાયિક વિચારોમાંથી તેઓએ મુક્તિ મેળવેલી છે. તેઓએ જીવનના રહસ્યભૂત પ્રશ્નો સાથે બાથ ભીડેલી છે. હું કોણ છું ? મારું અસ્તિત્વ કયાં કારણોને આભારી છે અને કઈ સ્થિતિમાં મારે પાછા જવાનું છે ? મારી આસપાસ કોણ વસે છે અને તેમની સાથે મારે કેવા પ્રકારનો સંબંધ છે ?

આગળ પડતી આ પાંચ વ્યક્તિઓએ આ અંતિમ પ્રશ્નો વિશે ઊંડો વિચાર કર્યો છે. ફરી ફરીને થતાં યુદ્ધોની કરુણ ઘટનાથી પીડાઈને લગભગ નિરાશાના કાંઠે પહોંચેલા વિશ્વને જોઈને આપણે જે ધાર્મિક સિદ્ધાંતો સ્વીકારવાની વાતો કરીએ છીએ અને તેની સાથે જે સામાજિક કાર્ય કરવું જોઈએ એ બે વચ્ચે સંબંધનો જે અભાવ છે તેની સામે તેઓ રોષથી સળગી ઊઠે છે.

માનવનો આત્મા તો પૂર્વમાં શું કે પશ્ચિમમાં શું બધે સરખો જ છે. અનાવૃત આત્માને તો પૂર્વ પણ નથી અને પશ્ચિમ પણ નથી. એવી વસ્તુઓ તો કેવળ વસ્ત્રો છે. સમસ્ત વિશ્વ તેનું નિવાસસ્થાન છે, અને આપણામાંના દરેકમાં તેનો વાસ હોવાથી તે આપણો સૌનો છે...

જે ઉત્તમ જીવન ગાળે તે સૌથી મહાન કલાકાર હોય તો ગાંધીજી એ પદના મહાન અધિકારી છે. કળા એટલે સાદાઈમાં સૌંદર્ય સિવાય બીજું શું ? અને તપસ્યા શું છે ? - કૃત્રિમતા અને ઢોંગથી મુક્ત રોજિંદા જીવનમાં મિથ્યાદષ્ટિથી સરલ સૌંદર્યનું ઉચ્ચતમ પ્રગટીકરણ ! ખરુંને ? ગાંધીજીના જીવનમાં એકીસાથે કળા પણ છે અને તપસ્યાયે છે. એ કહે છે તે માને છે અને ઉપદેશે છે તે આચરે છે...

**આપણા રાજકરણી પુરુષોમાં ધર્મ-ભાવનાની ઊણપ છે અને આપણા ધાર્મિક પુરુષોમાં સામાજિક**

**કાર્યના ઉત્સાહની ઊણપ છે.**

ધર્મ તો જુલમ, આક્રમણ અને અન્યાયનો કટ્ટો શત્રુ હોવો જોઈએ. જ્યારે તે એમાંની કોઈ વસ્તુ ચલાવી લે છે, જ્યારે તે સત્તા અને પ્રતિષ્ઠા સાથે માંડવાળ કરે છે, જ્યારે તે અનિષ્ટનાં બળો સાથે થિગંડિયા સમાધાન કરે છે, ત્યારે કંગાળ, સત્ત્વહીન અને નિર્વીય બની જાય છે. ધર્મ ક્રાંતિકારી હોવો જોઈએ, નહિ તો એનો કાંઈ અર્થ જ નથી.

ગાંધીજીએ રાજકારણમાં ધર્મભાવના દાખલ કરી છે. એમને મન યુદ્ધ એ મોટામાં મોટો ગુનો છે. બધા સાચા ધાર્મિક વૃત્તિના માણસો એ જ દૃષ્ટિ ધરાવે છે... પારકાં પાપ ધોવા માટે વપરાતી કષ્ટસહનની પદ્ધતિ ગાંધીજી અન્યાય અને શોષણ દૂર કરવામાં વાપરે છે. તેઓ મુખ્યત્વે માનવજાતના સેવક છે, તેમ છતાં તેઓ હિંદની ભૂમિ ઉપરથી માનવજાત માટે કામ કરે છે. ગાંધીજી જ્યારે હિંદના સ્વાતંત્ર્ય માટે લડે છે ત્યારે તેમાં કોઈ પણ જાતની સંકુચિત ભાવના નથી હોતી, તેમને મન સ્વતંત્રતા એટલે કેવળ રાજકીય સત્તાની પ્રાપ્તિ નહિ, પણ જેમાં બધી વસ્તુઓનું રૂપાંતર થઈ ગયું હશે અને બધાં સ્વરૂપનો માનવી જુલમ બંધ થઈ ગયો હશે એવા નવા જીવનમાં પ્રવેશ. એ સાધવા માટે નવા શિક્ષણની, નવી શિસ્તની, ઈશ્વર ઉપર ભક્તિની તથા માનવીની નિઃસ્વાર્થ સેવાની જરૂર પડશે.

રવીન્દ્રનાથ ટાગોર હિંદી નવજાગૃતિના સૌથી મહાન વિભૂતિ હતા. તેઓ સાચા અર્થમાં કવિ હતા, અને તેથી તેમણે પોતાના જીવનનું સાર્થક્ય કર્તવ્યથી ભાગવામાં નહિ પણ પ્રવૃત્તિમાં શોધ્યું હતું. બીજાઓના હાથે થતા હિંદુસ્તાનના શોષણ સામે જેમ તેઓ લડ્યા હતા તેમ જ હિંદીઓના ચિત્તની આંતરિક ગુલામી સામે પણ ઝૂઝ્યા હતા. પોતાની વિશ્વભારતી દ્વારા ટાગોરે સાર્વત્રિક નીતિનિયમોના પાયા ઉપર રચાયેલો વિશ્વસંઘ સ્થાપવાનો પ્રયાસ કર્યો હતો.

ઋષિ શ્રીઅરવિંદ અગમ્યના સાધકોની બૌદ્ધિક પ્રખરતાનું મહાન દૃષ્ટાંત છે. એવાઓની પાસે આપણે જઈએ છીએ તે તેમની બૌદ્ધિક ઝીણવટમાં ભાગ લેવા નહિ, પણ જીવનનો શબ્દ સાંભળવા. તેમના વિચારની પ્રશાંત ઉદાવત્તતા, અત્યુત્તમ કળાથી તેમણે ઢાંકી દીધેલી તેમની વિશાળ વિદ્વત્તા, દૈવી જીવનની તેમના આત્માએ પૂરી સાખ-એ બધા ગુણો પ્રકટ થયા છે.

આપણે એક નવા યુગના પ્રારંભના કાળમાં વસીએ છીએ. આજની જટિલ પરિસ્થિતિઓમાંથી પેદા થયેલાં અવ્યવસ્થા અને ગૂંચવાડાની અને લાંબા સ્થળાંતરનો છેદ ઉડાવી દેનાર, ટેલિફોન દ્વારા વાતચીત કરવાની આપણને શક્તિ આપનાર વિજ્ઞાનની સિદ્ધિઓની વચ્ચે તીવ્ર વિરોધ છે. જગતની આ વ્યર્થતાનું કારણ માનવચિત્તમાં પેદા થયેલા સંકલનાના અભાવમાં રહેલું છે. જ્યાં સુધી વિષમ અને વક્ર દૃષ્ટિવાળા માણસો સત્તા કબ્જે કરતા અને ટકાવી રાખતા રહેશે ત્યાં સુધી માનવજાતનું ભાવિ જોખમમાં રહેવાનું.

આજના જમાનાના માણસની મુખ્ય જરૂરિયાત તેની પોતાની જાતમાં જ એકરાગ જગાડવાની છે. પછી એનો પડઘો જગત સાથેના તેના સંબંધોમાં પડ્યા વગર નહિ રહે. એ સંકલિત માનવનો અમલ દાખલ કરવો એ શ્રીઅરવિંદના જીવન અને ઉપદેશનો મુખ્ય હેતુ છે.

ઈશ્વરનો શબ્દ ક્રિયાશીલ અને સનાતન છે. દૈવી ચેતના સમસ્ત માનવજાતિના આત્માની ઉપર છવાયેલી તથા અંદર વ્યાપેલી રહેલી છે.

'તીર્થસલિલ', અનુવાદ : નગીનદાસ પારેખ, આમુખના સંકલિત અંશ ❑

# (૭) શ્રીઅરવિંદનો વડોદરા નિવાસનો પ્રારંભ

દીનેન્દ્ર રૉય

*[આઈ.સી.એસ. થઈને બ્રિટિશ સરકારની નોકરીની ધૂંસરીમાં જોડાવું ન પડે તે હેતુથી તે અંગેની ઘોડેસવારીની પરીક્ષાની અપાયેલી છેલ્લી તક પણ શ્રીઅરવિંદે જતી કરી. તે દરમિયાન વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવે તેમની પસંદગી કરતાં વડોદરા ખાતે તેઓ સરકારી નોકરીમાં જોડાયા.*

*શ્રીઅરવિંદને પરદેશની ઘણી ભાષાઓ ઉપર પ્રભુત્વ હતું. પોતાની માતૃભાષા બંગાળી વધુ સારી રીતે શીખવા માટે તેઓશ્રીએ બંગાળી ભાષાના અચ્છા લેખક દીનેન્દ્ર રૉયને પગાર આપીને વડોદરા ખાસ બોલાવી બે વર્ષ સાથે જ રાખેલા. પંડિતરાવ રાવલે લખેલ પુસ્તક 'શ્રીઅરવિંદાયન'ના આધારે વડોદરા નિવાસના શ્રીઅરવિંદ સાથેના શ્રી રૉયના કેટલાંક સંસ્મરણો અત્રે રજૂ કરાયાં છે. -સંપાદક.]*

હું અરવિંદને મળ્યો તે પહેલાંની મારી તેમને વિશેની કલ્પના કંઈક આવી હતી :

કોઈ કદાવર આકૃતિ નખશિખ શુદ્ધ યુરોપિયન રીતનો પોષાક, ચશ્માં ચડાવેલી આંખો પાછળથી વરસતી એક વેધક કઠોર દૃષ્ટિ, બગડેલા ઉચ્ચારો, અત્યંત રુક્ષ સ્વભાવ, વ્યવહારમાં સહેજ પણ ભૂલ ન સહન કરે એવો માણસ !

પણ મેં શ્રીઅરવિંદને પ્રથમવાર જોયા ત્યારે મારી આ પ્રમાણેની કલ્પનાવાળા અરવિંદ ન દેખાતાં નિરાશા જ થઈ આવેલી. અહીં તો :

એક સહેજ શામળો જુવાન હતો, સ્વપ્નમાં રમતી હોય તેવી એની કોમળ આંખો, લાંબા, પાતળા, વચમાંથી પાંથી પાડેલા અને ગરદન સુધી ઝૂલતા વાંકડિયા વાળ, જાડું અમદાવાદી ધોતિયું અને ચપશીને પહેરેલું દેશી ઢબનું જાકીટ, ઊંચી ચાંચવાળા જૂની ઢબના જોડા, આછી બળિયાની નિશાનીવાળો ચહેરો. આવા શ્રીમાન અરવિંદ ઘોષ ફ્રેંચ, લૅટિન, અને ગ્રીક ભાષાના જ્ઞાનના સાક્ષાત્ મૂર્તિરૂપ વિદ્વાન છે એવું કોણ કલ્પી શકે ?

શ્રીઅરવિંદ સાથે હું એકબે દિવસ રહ્યો, એટલામાં જ મને દેખાઈ આવ્યું કે એમના હૃદયમાં કોઈ પાર્થિવ રીતની દરિદ્રતા કે મલિનતા છે નહિ. એ બાળકની માફક સરળ ભાવે હસતા હતા. અને બાળક જેવું જ એ હાસ્ય પ્રવાહી અને સુકોમળ રહેતું. એમના હોઠના ખૂણામાંથી એક અચલ સંકલ્પ શક્તિ વ્યક્ત થતી હતી. અને છતાંય તેમના હૃદયમાં કોઈ પણ દુન્યવી મહાત્ત્વાકાંક્ષા કે માનવસહજ સ્વાર્થભાવ ન હતો. એમનામાં માત્ર એક જ તમન્ના હતી. દેવોમાં પણ દુર્લભ એવી માનવજાતિનાં દુઃખને દૂર કરવા માટે પોતાની જાતનું બલિદાન દઈ દેવાની. અરવિંદ હજી બંગાળી બોલી શકતા ન હતા, પણ પોતાની આ માતૃભાષા બોલવા માટે તે ખૂબ આતુર હતા. મારે એમની સાથે સતત રાતદિવસ રહેવાનું થયું. અને જેમ જેમ મને એમના હૃદયનો પરિચય થયો તેમ તેમ મને જણાવા લાગ્યું કે આ પુરુષ આ પૃથ્વીનો બનેલો નથી. એ તો જાણે એના સ્વર્ગમાંથી કોઈના શાપને લીધે પૃથ્વી ઉપર આવી ચડેલો દેવ છે. હું એમની સાથે રહ્યો છું ત્યાં લગી, એ મને એક પૂર્ણ સંન્યાસી જેવા જ દેખાયા છે. એમનો આત્મસંયમ મહા કઠોર હતો. બીજાઓનાં દુઃખ જોઈને એમને

ખૂબ જ લાગણી થઈ આવતી હતી. એમના જીવનનું જાણે કે માત્ર એક જ લક્ષ્ય હતું : જ્ઞાનની પ્રાપ્તિ. એની સિદ્ધિ માટે તેઓ ચાલુ જગતના ધમાલિયા વ્યવહારમાં રહ્યાં રહ્યાં પણ એક કઠોર તપસ્વીનું જીવન ગાળતા હતા.

મેં એમને કદી ગુસ્સે થતા જોયા નથી. તેમ છતાં તેઓ શાંત, નિશ્ચલ અને દૃઢ મનોબળવાળા હતા. જરૂરના સમયે મહારાજા સાહેબને પણ યોગ્ય વાત તેઓ જણાવી શકતા હતા.

કોઈ કોઈ વાર સાંજને વખતે કે બપોર પછી લક્ષ્મી વિલાસ રાજમહેલમાંથી એક ઘોડેસવાર મહારાજાના પ્રાઈવેટ સેક્રેટરી તરફથી શ્રીઅરવિંદ માટે પત્ર લઈને આવતો, તેમાં લખ્યું હોય :

'આજે રાત્રે આપ જો મહારાજા સાથે ભોજન લેશો તો તેમને બહુ આનંદ થશે.' અથવા કોઈ વાર એમ લખેલું હોય : 'અમુક સમયે આપને મહારાજાને મળવાનું અનુકૂળ હોય તો જણાવશો.' અને મેં જોયું છે કે વખતનો અભાવ હોય તો શ્રીઅરવિંદ, મહારાજાના આમંત્રણને પણ ના પાડી દેતા. મોટા મોટા માનવંતા પુરુષો પણ મહારાજા સાથેની એકાદ મુલાકાત માટે મહિનાઓ સુધી મહારાજાની કેટલીયે ખિદમત કર્યે જતા હતા અને અહીં આ એક એવો શિક્ષક હતો કે જે રાજાના આમંત્રણ કરતાં પોતાની પાસેનાં કામને વધારે મહત્ત્વનું ગણતો હતો !

ચૌદ ચૌદ વર્ષ પછી શ્રીઅરવિંદ પરદેશથી આવ્યા હતા, પરંતુ પોતાનાં સગાં, વહાલાં, કુટુંબીઓને મળવામાં કે આનંદ-પ્રમોદ-આરામમાં થોડોક પણ સમય ગાળ્યા વિના જાણે આરામ હરામ હોય તેમ સયાજીરાવની વડોદરા સરકારની નોકરીમાં તા. ૮-૨-૧૯૯૩ ના રોજ જોડાયા. હીરાના પારખું સયાજીરાવે રૂ.૨૦૦/- ના માસિક પગારમાં, એમની દૃષ્ટિએ મેળવેલા એ 'સસ્તા સિવિલિયન'ને એમણે જાત જાતનાં કામોમાં જોતર્યા હતા. માત્ર એની યાદી જ જોઈએ તો-

સેટલમેન્ટ ખાતું, સૅમ્પલ અને રેવન્યુ ખાતું, સેક્રેટરિયેટ, વહીવટદાર કચેરી, બરોડા કૉલેજમાં ફ્રેન્ચના પ્રોફેસર, મહારાજાનું અંગત કામ, અંગ્રેજીના પ્રોફેસર, કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ અને આ બધાં ઉપરાંત મહારાજાના અગત્યના કાગળો લખવા, ભાષણો તૈયાર કરી આપવાં, જરૂરી દસ્તાવેજો બનાવવા, અગત્યની કબૂલાતો ઘડવી વગેરે વગેરે. મહારાજાના રીતસરના ખાનગી મંત્રી એ ન હતા છતાં ખાનગી મંત્રી કરતાંય વિશેષ કામગીરી એ બજાવતા-વિના ફરિયાદે, કાળજીપૂર્વક અને પ્રેમપૂર્વક. લીધેલું કામ ચીવટથી, વ્યવસ્થિત રીતે, આનંદથી અને દિલથી કરવાનો જ એમનો સ્વભાવ હતો.

શ્રીઅરવિંદ એકલા હતા. વિલાસિતાનો તો એમને પરિચય પણ ન હતો. એક પૈસો પણ ખોટે રસ્તે ખર્ચાતો ન હતો. છતાં મહિનાને છેડે એક પૈસો પણ હાથમાં રહેતો નહિ.

પોતાનાં માતાજી માટે અને બહેન સરોજિનીના અભ્યાસ માટે પગારમાંથી નિયમિત રીતે પૈસા મોકલતા. મોટા ભાઈઓ બિનયભૂષણ અને મનમોહન સારી નોકરીએ જોડાયેલા. છતાં તેઓ (માને માટે કે બહેન સરોજિનીને) પૈસા મોકલતા નહિ. કોઈ અરવિંદને પૂછે ત્યારે કહેતા કે 'મોટા ભાઈની નોકરી કુચબિહારના દરબારમાં છે. એટલે તેમને પોતાની સ્થિતિ પ્રમાણે વધારે ખર્ચ કરવો પડે. મનમોહન પરણ્યો છે અને લગ્ન એ તો ખર્ચાળ મોજ છે.'

શ્રીઅરવિંદ ઘણાં વર્ષો સુધી સાંજે રાંધેલું ખાતા

ન હતા, પણ ફળાહારમાં મુખ્યત્વે કેળાં અને દૂધ લેતા હતા. એમનામાં પૈસાની આસક્તિનો સદંતર અભાવ હતો. એક થેલીમાં ત્રણ મહિનાનો સામટો પગાર એમને મળતો. તે તેમના ટેબલ ઉપર ટ્રે રહેતી તેમાં ખાલી કરતા. રૂપિયા તાળાંકૂંચીમાં સલામત રાખવાની પંચાતમાં તેઓ કદી પડતા નહિ. એ વપરાતા પૈસાનો હિસાબ પણ રાખતા નહિ. વાતવાતમાં રૂપિયા આ પ્રમાણે ખુલ્લા કેમ રખાય છે એવું કોઈકે પૂછતાં શ્રીઅરવિંદે હસીને જવાબ આપ્યો કે 'જુઓ, આપણે પ્રમાણિક અને સારા લોકો વચ્ચે રહીએ છીએ તેનો આ પુરાવો છે. વળી, મારે માટે ભગવાન હિસાબ રાખે છે. મને જેટલાની જરૂર છે તેટલા પૈસા તે મને આપે છે. બાકીના પોતાની પાસે રાખે છે. ગમે તેમ મને પૈસાની તંગીમાં ભગવાન રાખતો નથી. તો પછી મારે શા માટે ચિંતા કરવી. સંપૂર્ણ શરણાગતિ, પ્રભુ પ્રતિ સંપૂર્ણ સમર્પણ ભાવ વિના આવા શબ્દો ક્યાંથી નીકળે ?

'શ્રીઅરવિંદાયન', પ્ર. આ., પૃ. ૫૮ ❏

**(અનુસંધાન પેજ નં. ૧૧ નું ચાલુ)**

ગામનો વિસ્તાર હતો. એ રાજમહેલ ખંડેર દશામાં અમે નિહાળ્યો. એ મહેલના ઝરૂખામાંથી નર્મદાજીનાં દર્શન થઈ શકતાં હતાં.

જબલપુરમાં અમને કોઈકે કહ્યું કે ફલાણા શેઠ પરકમ્માવાસીઓને ધાબળા આપે છે. આગળ હવે ઠંડીના દિવસો આવનાર હોઈ લાલચથી ઘર શોધીને અમે શેઠના દરવાજે પહોંચ્યા. ચોકીદારે શેઠને ખબર પણ ન આપ્યા. પાંચેક કલાક બાદ શેઠ દેખાયા તો કહે પહેલાં આપતા હતા હવે બંધ કર્યું છે ! આ શ્રીમંતનો અમને ઘણો કડવો અનુભવ થયો. સદાવ્રત મળે અને તે પણ સ્વમાન સાથે એવા કેટલાક અનુભવોની સામે આ અનુભવ અલગ હતો. આમાં દોષ શેઠનો નહિ પણ અમારી પ્રલોભન વૃત્તિનો હતો. ભગવાન તો કહે છે કે જીવને જ્યારે જે ચીજની જરૂર હશે ત્યારે તે પૂરી પાડશે. ભગવાન પર શ્રદ્ધા રાખવી, યોગ્ય સમયે તે મળી રહેશે અને આપમેળે મળે તે યોગ્ય.

'શ્રી નર્મદામૈયાની પરિક્રમા' બી.આ. પૃ.૧૩૧ ❏

## ગુરુ હુકમથી ચોરી કરી

હું ગુરુમહારાજ પાસે હતો. ત્યારે એમણે મને કહ્યું કે, 'જા, ફલાણે ઠેકાણે જઈને ચોરી લાવ.' હવે હું ચોરી લાવ્યો ત્યારે હું ચોરી કરું છું એવી સેન્સ (મનોભાવના-સં.) નહોતી. એ તો હું હુકમ ઊઠાવું છું એ જાતની અવેરનેસ (સભાનતા-સં.) હતી. હું લઈ આવું છું (સોનાના દાગીના વગેરે-સં.) અને ગુરુમહારાજ પાસે મૂકું છું. પછી જેની પાસેથી મેં ચોરી કરી હતી તેની પાસે જઈને પગે લાગું છું-વાત કરું છું. 'હું આ ચોરી ગયેલો.' મને માફ કરજો. પણ હવે તમે આ પાછું લો. મને ગુરુમહારાજનો આદેશ હતો એટલે આમ કરેલું. -આમ મેં તો ચોખ્ખી વાત કરી, પણ એ માને નહિ.

એકીકરણ-સમીકરણ, પ્ર.આ. પૃ. ૪૯ -શ્રીમોટા

## (૮) ભારતમાતા સાચી માતા

**શ્રીમોટા**

દેશ તો સાચે સાચ માતા છે. આ કોઈ કલ્પનાની વાત નથી. જે દેશમાં આપણે જન્મ્યાં તેની માટીથી આપણું શરીર બનેલું છે. તમે અંબામાતાની, બહુચરમાતાની કે કાળીમાતાની વાત કરો પણ હું કહું છું કે એ કલ્પના છે. એ રીયાલીટી-વાસ્તવિકતા નથી. પણ અમારો ભારત દેશ એ વાસ્તવિકતા છે કારણ કે એ બધું આપે છે. એ તમને અનાજ આપે છે, પાણી પણ આપે છે. હવા-કપડાં આપે છે, તમે જેના વડે જીવો છો એ બધું જ ભારતમાતા આપે છે. એ માતા તરફ આપણું ઋણ આપણામાં જાગેલું નથી.

મારા ગુરુમહારાજે મને કહ્યું કે ‘અલ્યા બેટા, આચર્યા વિનાની કોઈ વાત તું કરતો નહિ. એટલે સાહેબ, હું આચરીને કહું છું. ભારતમાતાની ભક્તિ કરીને હું કહું છું.’ દેશને માટે તપ કરીને હું કહું છું. **આપણા સમાજને આપણા દેશ માટે કોઈ લાગણી નથી.** આ કંઈ હું આક્ષેપ નથી મૂકતો, પણ આપણે જાગ્રત થઈએ એટલા માટે કહું છું. સમાજમાં વ્યક્તિ તરીકે સમાજ પ્રત્યે અને દેશ પ્રત્યે આપણો એક ધર્મ છે. એક નાગરિક તરીકે પણ આપણો ધર્મ છે.

આપણાં કુટુંબ-કબીલા, છૈયાં-છોકરાંને ખવડાવ્યાં, પીવડાવ્યાં, ભણાવ્યાં કર્યાં અને મોટાં કર્યાં કે ઘરબાર રાખ્યાં અને બૅંકોમાં રૂપિયા જમા કરાવ્યા એટલું પૂરતું નથી. આ બધું તો તમે કરશો જ, પણ દેશ પરત્વેની - સમાજ પરત્વેની તમારી કંઈ ફરજ ખરી કે નહિ ? કે પછી રામરામ ? ભલે મોઢે મને નહિ કહેતા હોય પણ ઘણાને મનમાં હશે કે અમે ઘણું કરીએ છીએ-માત્ર તમને જ આપીએ ત્યારે જ તમે જાણો કે અમેય પરમાર્થ કરીએ છીએ ? એમના મનમાં જે હોય તે બધું હું જાણી લઉં, પણ ભલે તમે મને નહિ આપો તેનો વાંધો નથી. મને મારો હજાર હાથવાળો ભગવાન આપશે. હું કોઈની પાસે સલામ ભરીને માગતો નથી. હું માગું છું,સાહેબ, તે મારા ભગવાન માટે માગું છું. એ ભગવાન તો તમારે ગળે ઊતરશે નહિ, પણ હું તમારા બધાને માટે માગું છું. મેં જે કામ આ સાથે લીધાં છે તેની વિગતવાર વાત કહી દઉં.

એક તો અંગ્રેજી સાહિત્યમાં Children's Encyclopedia છે. બાળકો માટે સર્વજ્ઞાન સંગ્રહ. એ બહુ ઉત્તમ પ્રકારનું સાહિત્ય છે. તમારામાંથી તો કોકે -બહુ ઓછા માણસોએ કદાચ તે વાંચ્યું હશે, પણ મેં એ જોયેલા, કારણ કે અમારે બાળકોને અભ્યાસ કરાવવાનું -ભણાવવાનું આવ્યું ત્યારે જોઈ ગયેલો. જેમ બી.એ.માં Book Of Knwoledgeનાં પુસ્તકો મેં વાંચ્યાં ત્યારે મને લાગ્યું કે ઓહો ! આપણા ગુજરાતી સાહિત્યમાં આવી શ્રેણી થાય તો બહુ સારું, હું બી.એ.માં ભણતો ત્યારે મને લાગેલું, પણ એ વિચાર મારા મનમાં હતો અને તે હવે ભગવાનની કૃપાથી સાકાર થયો. આજે એ જ્ઞાનગંગોત્રીની શ્રેણી બહુ ઉચ્ચ પ્રકારની છે. એ કોઈ નવલકથા જેવી નથી. એની Permanent Value (કાયમી મૂલ્ય) છે. એવાં કામ કરવાનું કોઈને સૂઝ્યું નથી. બેલાખ રૂપિયાનું એક કામ છે.

પછી છે તે વિજ્ઞાન. આ કાળ વિજ્ઞાનનો છે. આપણા સમાજને વિજ્ઞાનની અભિરુચિ પ્રગટે એને માટેની એક ગ્રંથમાળા તૈયાર કરવાનું કામ છે. બીજું કામ વેદ માટેનું છે. આપણી સંસ્કૃતિનું મૂળ વેદ છે, પણ એ વેદમાં સાપ છે કે ઘો તે તો આપણે જાણતાં નથી. એટલે એ વેદ લોકભોગ્ય તદ્દન સરળ ભાષામાં બહાર પડે અને ચાર કે પાંચ ફર્માની નાની ચોપડી હોય, કારણ કે મોટાં થોથાં હોય તો કોઈ વાંચે નહિ. એટલે આવી નાની નાની ઘણી પુસ્તિકાઓ બહાર પડશે. આ કામ પણ આ સાલ લીધું છે.

ત્રીજું કામ છે ગુજરાતી ભાષામાં વ્યુત્પત્તિશાસ્ત્ર અને વ્યાકરણના પુસ્તકની. આપણી ભાષા ગુજરાતી કહેવાય, પણ સાહેબ, એની પાસે વ્યુત્પત્તિનું કોઈ પુસ્તક ના મળે. ભાષા વિજ્ઞાનની દૃષ્ટિએ એ બહુ જરૂરનું. આપણી-મારી લાચારીની શી વાત કરું ? આપણે ગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષા પરત્વે આપણને ગૌરવ જાગેલું નથી. આપણા કવિઓ, સાક્ષરો, વિદ્વાનો આટલી બધી કૉલેજોના પ્રોફેસરો સુધ્ધાં પણ કોઈને એમ થતું નથી બચ્ચાને કે અલ્યા ભાઈ, આ કરીએ, આ કામ કરવા જેવું છે. એમાં કાંઈ બહુ પૈસા ના જોઈએ એટલે મેં તો ઈશ્વરભાઈ (તે વખતના વાઈસ ચાન્સેલર)ને કહ્યું કે જે પૈસા જોઈએ તે આપો- એને પેટ ભરીને આપો, પણ ગુજરાતી ભાષાનું આ એક અંગ ખૂટે છે તે તૈયાર કરાવો. કોઈને મન ન થાય પણ મને મન થયું.

તેવી રીતે વ્યાકરણનું. વ્યાકરણ વિના કેમ ચાલે ? પણ કોઈને સૂઝતું નથી! અમારી-અમારા દેશની લાચારીની શી વાત હું કરું! પણ હજુ સુધી આને માટે- ગ્રામર-વ્યાકરણ માટે એક પૈસો ગુજરાતી સમાજમાંથી મને મળ્યો નથી. સાહેબ! આ પ્રોફેસરો કહેવાય, એનો આક્ષેપ હું નથી કરતો. મને એનો અફસોસ નથી, કારણ કે એ કામ તો મારું છે. મેં એ કામ હાથમાં લીધું છે. મારું કામ એટલે મેં તો રૂપિયા પણ આપી દીધા, પણ એ લખનારાઓને મારી પ્રાર્થના છે કે અલ્યા ભાઈ, સવેળા આ કામ તો કરો.

ત્યારે એક બીજું મોટું કામ મેં લીધું. પરદેશોમાં મોટાં મોટાં ફાઉન્ડેશનો હોય છે- કરોડો રૂપિયાનાં. તેમાંથી આપણા દેશને મદદ મળે છે. ત્યારે મને એમ થયું કે આપણા દેશમાં પણ આવું કંઈક આપણે કાઢીએ. હું તો બહુ નાનો માણસ, પણ તમારા બધાના જોરે કહું છું હું તો. અને ભગવાનની કૃપાથી સાહેબ, પૈસા મળે છે. કોક ને કોક હરિનો લાલ એવો જાગે છે કે મને આપે છે.

વિજ્ઞાનમાં નવી નવી શોધખોળો થાય તે માટે આ રીસર્ચ ફાઉન્ડેશન તો થવું જ જોઈએ એટલે અમે યુનિવર્સિટી ગ્રાન્ટસ્ કમિશન સાથે પત્રવ્યવહાર કર્યો. એ સંસ્થા પાર્લમેન્ટના એક્ટથી સ્થપાઈ છે, એ લોકો તો બહુ રાજી થયા કે એક ધર્મનો માણસ થઈને આ કામો માટે આપે, એ તો બહુ નવાઈની વાત- અચરજ પામવા જેવી વાત છે. ત્યારે એને માટે પૈસા જોઈશે. સાડા ચાર લાખ તો બહુ નજીવી રકમ કહેવાય, પણ મારું ગરીબનું ભઈ કેટલું ગજું ? મારું એમ તો ગજું ઘણું છે, પણ મારો આધાર તમારા બધાના ઉપર.

'શ્રીમોટાવાણી-૧૧', પ્ર. આ., પૃ. ૯ ❑

સ્મરણને લોક ના જાણે, નકામું તે બીજાં બોલે,
પરંતુ ઝંપલાવીને કરે યાહોમ તે તોલે.

જીવનરંગત પૃ. ૧૫૩

સ્મરણ નાનકડું સાધન છે, છતાં ઉપયોગનું કેવું,
કરી જુએ હૃદય ભાવે પડે તેને સમજ દિલ શું.

જીવનઘડતર પૃ. ૬૮

સ્મરણમાં બાદબાકી કે ન ભાગાકાર પણ કૈં છે,
સ્મરણમાં માત્ર સરવાળો, ગુણાકાર જ થતો રહે છે.

જીવનસ્મરણ સાધના પૃ. ૯૦

અશક્ય છો ભલે હોય, છતાં તે શક્ય કરવાની
બધી તાકાત તુજમાં છે, અમારી શક્તિ સ્તવવાની

જીવનતપ પૃ. ૧૧૩

કંઈક લોલુપતાવાળા, કંઈક શા કામનાવાળા,
હરિ ભજવા શું નીકળેલા, હરિનું નામ લજવો છો.

જીવનઘડતર પૃ. ૧૩૮

તમે સંસારને કેવું તમારું દિલ આપ્યું છે,
અમોને આપતાં તમને નડે તકલીફ શેની તે ?

જીવનસ્પંદન પૃ. ૨૦૨

જગત હરિનું, છતાં એને હરિની ના પડેલી છે,
જગત શું નિજમાં મહાલી, જગત કેવું ડૂબેલું છે !

જીવનસ્પંદન પૃ.૨૨૫

સ્વભાવ એમનો એમ પૂરો તે તેમ રાખીને,
જવા દરબારમાં હરિના, રજા મળવાની કંઈ ના છે.

જીવનપગદંડી પૃ. ૨૭૮

અમારો ભીખનો ધંધો, પરંતુ ના અમો કાજે,
પ્રભુપ્રીત્યર્થ, બેઠો તે થવાને સમાજ અર્થે છે.

જીવનસૌરભ પૃ. ૨૯૧

જીવનમાં સાક્ષી વિનાના પ્રસંગ કોઈ ના ટાંક્યા છે,
સ્મરણનો ભવ્ય ઈતિહાસ, જીવન જીવતો થયેલો છે.

જીવનરંગત પૃ. ૧૨૫

હૃદય શ્રદ્ધાતણી વાત જીવનમાં બહુ જ મોટી છે,
જીવંતી દિલ શ્રદ્ધા જો, અશક્ય ના કશું પણ છે.

જીવનપ્રભાત પૃ. ૫૦

જીવનમાં આશરો જેને હરિનો જો મળેલો છે,
ફિકરની તો કરી ફાકી, જીવન અલમસ્ત જીવે છે.

જીવનઝલક પૃ. ૧૪૩

હરિના હાથ શા ચારે મુકાયેલા શિર અમ છે,
નર્યા ફક્કડ થઈ ફરીએ, ફકીરી મસ્તધારી છે.

જીવનઆહ્‌લાદ પૃ. ૨૪૨

જગતજનને કહું ખાલી ભજનો ન ગાયાં છે,
ભજનમાં ગાયું છે તેવું જીવનવર્તન થયેલું છે.

જીવનઆહ્‌લાદ પૃ. ૨૭૨

દોષ જોતાં થતાં નિંદા, ઈન્કાર હરિનો થતો,
પછી ક્યાંથી જ એવામાં વધે તે ભાવ ભક્તિનો.

જીવનગીતા પૃ. ૫૯

વળવું હરિમાર્ગે હો, દોષ જોવાની ટેવને,
સમજી દિલ સંપૂર્ણ, સમૂળી ત્યાગવી ઘટે.

જીવનગીતા પૃ. ૫૯

વફાદાર હરિ જેવો બીજો કોઈ માનવી ના છે,
હરિ ના માનવી તોયે, બને તે ભક્તને માટે.

જીવનપ્રવાહ પૃ. ૧૮૩

કૃપા કરજે, કૃપા કરજે, કૃપા વર્ષાવજે તુજ તે,
અમારાં પાપ ને દોષો ભણી ના લક્ષ તું દેજે.

જીવનતપ પૃ. ૨૦૭

આપમેળે વિના માગ્યું મળે કર્મ નિમિત્ત તે,
પ્રભુપ્રીત્યર્થે, નિષ્કામે આચરો ગણી યજ્ઞ જે.

જીવનગીત પૃ. ૪૭

નિંદા શ્રેયાર્થીં થકી તો કોઈની ના થવી ઘટે,
થતાં, સંપૂર્ણ ઈન્કાર હરિભાવ તણો જ તે.

જીવનગીતા પૃ. ૫૯

પ્રેષક : જયંતીભાઈ જાની

## (૧૦) પૂજ્ય શ્રી ઝીણાકાકાના ૯૩મા જન્મદિનની ઉજવણી તા.૬-૫-૨૦૧૮ લવાછા ગ્રામજનો

**મિલન સમારંભ રવિવાર તા. ૬-૫-૨૦૧૮**

**● હાર્દિક નિમંત્રણ ●**

સ્નેહી સ્વજન શ્રી..............................................................

વૈશાખ વદ છઠ તા.૬-૫-૨૦૧૮, રવિવારના રોજ પૂ. શ્રી ઝીણાકાકાના ૯૩મા જન્મદિન નિમિત્તે લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળાના પટાંગણમાં સત્સંગ મિલન સમારંભ રાખવામાં આવેલ છે. જેમાં આપ સૌને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. આ આમંત્રણને સહર્ષ સ્વીકારી સત્સંગ લાભ લેવા અવશ્ય પધારશો.

**● કાર્યક્રમ ●**

સવારે ૮-૦૦ થી ૮-૪૫

**હરિ:ૐ ધૂન (લવાછા હરિ : ૐ મંડળ)**

સવારે ૮-૪૫ થી ૧૦-૦૦

**ભજનો (ભાવિક પટેલ, સુરત)**

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫

**પ.પૂ. શ્રીમોટાની સમૂહ પ્રાર્થના, આરતી તથા શ્રી ઝીણાકાકાની ભાવાંજલિ**

સવારે ૧૦-૪૫ થી ૧૧-૦૦

**પૂ. શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ (કેસેટ)**

સવારે ૧૧-૦૦ થી ૧૨-૦૦

**આભાર વિધિ, ગુરુવંદના**

સવારે ૧૨-૦૦ થી ૧-૦૦

**પ્રસાદી**

**● ઉજવણી સ્થળ ●**

લવાછા ચોર્યાસી પ્રાથમિક શાળા, તા. ઓલપાડ, જિ. સુરત.

મો.નં. : ૯૯૨૫૨૨૯૮૯૬

**● સ્નેહાધીન ●**

**સ્વ. શ્રી ગાંડાભાઈ ઉર્ફે રતનજીભાઈ મકનજીભાઈ પટેલ પરિવાર,**

લવાછા, નિશાળ ફળિયું તથા સમસ્ત ગ્રામજનો લવાછા, તા. ઓલપાડ, જિ. સુરત

**નોંધ :** સુરતથી આવનાર સ્વજનોએ મોરાભાગળથી સીધા દાંડી રોડ ઉપર આવી લવાછા શ્રી ઝેડ.એમ.પટેલ વિદ્યાલયથી ડાબી બાજુએ વળવું. ❑

## (૧૧) અહંતા-મમતા

શ્રીપ્રકાશાનંદજી

એક સમયે હું હૃષીકેશમાં હતો, ત્યારે એક મહાત્મા કોઈની સાથે બોલતા નહિ અને કોઈનો સંગ પણ કરતા નહિ. તે જોઈને બીજા મહાત્માઓ તેમને કહેવા લાગ્યા કે આપ વિદ્વાન છો અને બોલતા નથી, તેમાં બીજાઓને શો લાભ ? માટે કૃપા કરીને કંઈક બોલો તો ઠીક. તે ઉપરથી મહાત્માએ કહ્યું કે મેં મૌનવ્રત ધારણ કર્યું નથી. પશુ પણ બોલ્યા વિના રહે છે, તો આમાં કંઈ વિશેષતા નથી. પણ મારે બોલવું શું ? કારણ કે ઘર છોડ્યું, બાર છોડ્યું, મુંડ મુંડાવી, રાતી માટીવાળાં કપડાં પહેર્યાં વગેરે આપણા ભૂંડા હાલ તો કર્યા, વળી, ભીખ માગવા માંડી, આટલું આટલું થતાંયે અહંતામમતા તો ગઈ જ નથી, કારણ કે હું મોટો સંન્યાસી છું, દરેક લોક મારું પૂજન કરે અને હું જ્યાં જાઉં ત્યાં લોકોનો સમૂહ સાથે રહે એવા પ્રકારનું અભિમાન તો ગયું નથી. આપણે ભિક્ષા માગી, ગંગાકિનારે પાણીમાંના બેઠકના પથ્થર ધોઈ તે ઉપર ભિક્ષા મૂકી જમીએ છીએ, તેમાં આપણા હંમેશના બેસવાના પથ્થર ઉપર બીજો કોઈ આવીને બેઠો હોય તો મનમાં એમ થાય છે કે મારા પથ્થર ઉપર બીજો કોઈ બેસી ગયો છે.

આટલો આટલો સમાગમ કરતાં અને આટલી આટલી ઉંમર વીતી ગઈ, છતાં અહંતામમતા વધતી જાય છે, પણ ઘટતી નથી, તો મારે શું બોલવું ? તે ઉપરથી એક મહાત્માએ કહ્યું કે અમારામાં કાંઈ ભૂલ હોય તો આપના કહ્યા વિના કેમ માલૂમ પડે માટે એવી કાંઈ ભૂલ દર્શાવવા સારુ કહેવું તે આપનો ધર્મ છે. આ સાંભળી ગુરુશ્રી હસવા લાગ્યા અને કહ્યું કે અહંતામમતા છોડવી બહુ મુશ્કેલ છે. અહંતાના સંબંધમાં પારસભાગમાં એમ લખેલ છે કે, અહંતાનું મુખ્ય લક્ષણ લોકો મારી સેવા કરે, પૂજા કરે, મને માન આપે અને મને મોટો માને એ છે જ્યારે તે અહંતાવાળા મનુષ્ય કોઈના ઘરમાં પૂજા પ્રસાદ માટે જાય છે ત્યારે હું ઉપકાર કરું છું એમ તે માને છે અને એ એમ સમજે છે કે લોકો મારી સેવાપૂજા કરવાથી પાપમાંથી મુક્ત થશે. એ રીત પ્રાકૃત પુરુષોની છે, પણ મહત્પુરુષોનું લક્ષણ તો નિરભિમાનતા છે.

અહંતાનું બીજું લક્ષણ લોકોનો સમૂહ મારી પાછળ ચાલે, લોકો મને જોઈને ઊભા થાય, એ છે. આવા અભિમાની પુરુષો નરકગામી થાય છે. એક સંતે કહ્યું છે કે તમે કોઈ નરકગામી મનુષ્યને જોવા ઇચ્છતા હો તો તે પુરુષ બેઠો હોય અને લોકોનો સમૂહ તેની આગળ ઊભો હોય ત્યારે તેને જોવો. મહત્પુરુષો અભિમાનથી તદ્દન રહિત હોય છે, તેમનામાં અહંતા લેશમાત્ર પણ હોતી નથી અને તે મુજબ મમતા પણ હોતી નથી.

એક વખત ગોપીચંદનાં માતુશ્રી મેનાવતીએ ગોપીચંદને થોડો સમય ભર્તૃહરિની સાથે રહેવાની આજ્ઞા કરી. તે મુજબ તે બન્ને સાથે રહેતા હતા, ત્યારે મેનાવતીએ પોતાના પુત્ર ગોપીચંદની સ્થિતિ જાણવાની ઇચ્છા થતાં, રાત્રિને વખતે પોતે કોણ છે તે ખબર ન પડે માટે પુરુષના જેવું

કપડું ઓઢી ગોપીચંદની લગોલગ સૂવા માંડ્યું. એટલે ગોપીચંદે કહ્યું કે અહીં કોણ સૂએ છે ઊઠ, અહીંથી ચાલ્યો જા. એટલે મેનાવતી ઊઠીને ચાલી ગઈ. પછી જઈને તે ભર્તૃહરિ પાસે સૂઈ રહ્યાં એટલે ભર્તૃહરિ ત્યાંથી ઊઠીને બીજે સ્થળે સૂતા. ત્યારે મેનાવતીએ ત્યાં જઈને સૂવા માંડતાં ભર્તૃહરિ ત્યાંથી ઊઠી ત્રીજે ઠેકાણે સૂતા, પણ મનમાં જરાયે ક્રોધ આણ્યો નહિ. પછી સવારે ગોપીચંદ અને ભર્તૃહરિ બન્ને સાથે બેઠા હતા, ત્યારે મેનાવતી પોતાના મૂળ સ્વરૂપે જાહેર થઈ અને રાત્રીની હકીકત સંભળાવીને ગોપીચંદને કહ્યું કે તું રાજપાટ છોડી, ત્યાગી થઈ જંગલમાં આવીને રહ્યો તોપણ તારી મમતા ગઈ નહિ. સૂવા જેટલી પૃથ્વીને તું તારી પોતાની માને છે ગોપીચંદને એકદમ ભાન આવ્યું અને માતુશ્રીના ચરણમાં પડીને કહ્યું કે જગતમાં માતુશ્રી મળે તો તમારા જેવાં જ મળજો.

'ધર્માલાપ', પ્ર.આ., પૃ. ૧૬૪ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

—સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રમેશભાઈ પી. પટેલ (રે. પલાણા / નડિયાદ) તરફથી તેમની જન્મ જન્મ તા. ૭-૩-૪૮ અને ધર્મપત્ની શ્રીમતી નીતાબહેનની જન્મ તા. ૧૬-૪-૪૯ નિમિત્તે સહયોગ | અમેરિકા | ૨૨,૦૦૦/- |
| ૨. | એક ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા સહયોગ | વડોદરા | ૨૦,૦૦૦/- |
| ૩. | રેક્સ ઈન્સ્ટ્રુમેન્ટ્સ હસ્તે અતુલકુમાર નવનીતભાઈ ભલાવત | વડોદરા | ૫,૦૦૦/- |
| ૪. | હર્ષદભાઈ એન. દવે | મણિનગર | ૫,૦૦૦/- |
| ૫. | પ્રકાશ રાવલ | અમદાવાદ | ૩,૧૦૦/- |
| ૬. | વૈકુંઠરાય એસ. સોની | અમદાવાદ | ૧,૫૦૦/- |
| ૭. | કુ. નિત્યાનંદ વિજયભાઈ બાબુભાઈ પટેલ | સુરત | ૧,૧૧૧/- |
| ૮. | લતાબહેન ધનસુખભાઈ ભણસાલી શ્રી ધનસુખભાઈ ભણલાસીના દેહાંત (૪-૨-૧૮)ની પુણ્યસ્મૃતિમાં | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૦. | જ્યોતિન્દ્ર જે. મહેતા : પૌત્ર દેવર્ષના જન્મદિન (૧-૪) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | જ્યોતિન્દ્ર જે. મહેતા : પૌત્રી નિત્યાના જન્મદિન (૨૩-૪) નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | સોહમ વિમલ રાશીવાલા | સુરત | ૫૦૦/- |
| ૧૩. | ભાર્ગવ ડી. પંડ્યા : પ્રાંજલી જાબાલી પંડ્યાના જન્મદિન નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૪. | ભાર્ગવ ડી. પંડ્યા : ધ્યાની ધ્વનિત દેસાઈના જન્મદિન નિમિત્તે | સુરત | ૫૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

**અમારા યૂકો બૅંકના ખાતામાં સ્વજનો ઈ-બૅંકિંગથી રકમ જમા કરાવે છે, તેની માહિતી અમોને જણાવવા ખાસ વિનંતી છે. - સંપાદક**

## (૧૨) સંપ ત્યાં સંપત્તિ

શ્રી નાથા દેવકરણ

આ સંસારમાં સર્વ જીવો મનુષ્યપણું લઈને આવ્યા છે, પણ દરેકને પુણ્યની કમાઈનો ફેર કેટલો છે, તે તમારા અંતરથી તપાસી જો જો, કારણ કે કોઈ માણસને ખાવા અન્ન નથી મળતું, અને આવી શિયાળાની ઋતુમાં પહેરવા લૂગડું નથી મળતું. મનુષ્યના પ્રમાણમાં સૌ સરખાં દેખાય છે. તેમને પણ હાથ, પગ, નાક, મોઢું વગેરે હોય છે, અને હરખ-શોક પણ થાય છે. માટે તે બધું પૂર્વના પુણ્યનો પ્રભાવ છે. તમોને પુણ્ય ઉપર ખાતરી ન આવતી હોય તો આ દૃષ્ટિથી સૃષ્ટિનો વિચાર કરી તમારા અંતરની કંપાણે તોલ કરશો. જેણે પૂર્વે પરમેશ્વરની પૂજા કરી હોય તેને પરમેશ્વર ઢૂકડો હોય છે અને સર્વે વાતે સહાયભૂત હોય છે.

કુરુક્ષેત્રમાં અર્જુને અઢાર અક્ષૌહિણી દળ માર્યું છે, તે છતાં તેના રથે શ્રીકૃષ્ણ હોવાથી પાપનો ભાગી ન થયો અને જગતની કહેણી એવી છે કે ગુણ પાંડવોના ગાઈએ તો દેહનું પ્રાયશ્ચિત્ત જાય. દુર્યોધને કંઈ ભીમના જેવાં કર્મ કરેલાં નથી ? તે છતાં તેના ભાવ નીચા હોવાથી તેને નરકે જવું પડ્યું અને પાંડવોએ ઘણાં કર્મ કર્યાં છતાં સ્વર્ગે ગયા અને મોક્ષ થયો. તે વાત ઊંચા વિચારથી સમજવા જેવી છે.

આ સંસારમાં વેરઝેર કરી પોતાના ભાવો બગાડી નાખી, આખા ભવનું ઊંધું મારે છે. તે વાત હૃદયમાં તોલી જોશો. **'રાગદ્વેષ એ ખવીસા, તે ટળે તો આપે જગદીશા.'** માટે આપણે પોતાની માતાનું પાલન કરવું. આપણા બાળપણના તેમના એક દિનના બદલાનું ફળ આપી શકાય તેમ નથી. તો પછી માતાના ગુણ હૃદયમાં ન રાખીએ તો ઘણા ભવ વગડામાં કાગ થઈ ફરવું પડે. બીજી સ્ત્રીઓ રંભા જેવી હોય પણ આપણી માતા કદરૂપી હોય પણ જેણે દૂધ પાઈને મોટા કર્યા તે માતાના ગુણ ગાવા જતાં પાર આવે તેમ નથી. માટે અંતરમાં ખ્યાલ કરી, 'માતા તીર્થ, પિતા તીર્થ, તીર્થ વડીલ બાંધવા' એ તીર્થોમાં સ્નાન કરીને બધા જીવો મોક્ષને પામેલા છે. માટે **જ્યાં સંપ ત્યાં સંપત્તિ અને જ્યાં કુસંપ ત્યાં વિપત્તિ.** માટે એક તલ જેટલો પણ કોઈના ઉપર રાગદ્વેષ કરવા જેવો નથી. આપણે જે જેનાં કરેલાં ઋણ પાર પાડી નવા ઋણ ન કરવાં તેને પુરુષાર્થ કહેલ છે.

શાંત સ્વભાવથી વિચારશો. શસ્ત્રના ઘા પુરાઈ જાય છે, પણ 'શબ્દના ઘા ખમે તે શૂરા' કહેલ છે. તમે બુદ્ધિશાળી તો છો પણ અક્કલના ઊંટે ચઢ્યા છો, તે નીચે ઊતરશો એટલે સંસારના ધોખા નડશે નહિ.

આ દરિયાસાગર ખારો છે, તેવી રીતે આ સંસાર સમુદ્ર દરિયાનો ભાઈ છે, માટે આપણી પાસે એક લોટો મીઠું પાણી હોય તો આપણે એવો વિચાર કરીએ કે દરિયાસાગરને મીઠો કરી નાખું, પણ લોટા પાણીથી દરિયો મીઠો થાય નહિ અને આપણે તરસે મરીએ. તેવી રીતે આ સંસાર સમુદ્રને સુખી કરવા જઈએ તો કાંઈ સુખી થાય તેમ નથી, કારણ કે સર્વ જીવો સૌ સૌનાં કર્મોને લઈ બંધાયેલા છે. તે આપણા કહેવાથી ફરે તેમ નથી. અને આપણે બીજાના માટે પરિશ્રમ કરી, આપણે પોતાના ભાવ બગાડી દેવા તે મનુષ્ય અવતારનો ધર્મ ન ગણાય. કાયામાં કિરતાર હોય પણ મૂર્ખાઓને મનુષ્યપણું નકામું છે. તેનું કારણ મિથ્યા અભિમાનીનો સંગ છે.

કોઈ સત્પુરુષનો સંગ કરી તમો તમારા સ્વભાવમાં આવી જશો. ઘણે ઠેકાણે આપણે અવતાર લીધા અને ઘણાં કુટુંબો છોડીને આવ્યા તેનું કાંઈ ભાન રાખો છો કે નહિ ? તે કોઈ આપણું થયું નથી તો આ આપણું ક્યાંથી થશે ?

લખ્યું તો ઘણું છે પણ સમજનાર થોડાં છે.

'અમૃતસાગર', ત્રી. આ., પૃ. ૩૭૯ ❑



# 'મૌન' અમરવાણી છે

મૌન વિદ્યુતનો સતત શક્તિશાળી પ્રવાહ છે. વાણી, વિદ્યુતપ્રવાહમાં ભંગ પાડનાર પ્રકાશ છે. જ્ઞાની વાતો કરવા છતાં મૌની છે. એ કાર્યરત રહેતો હોવા છતાં સંપૂર્ણ શાંત છે. અને ધરતી ઉપર ચાલતો હોવા છતાં એ સદાય આકાશમાં વિહરતો હોય છે.

મૌન ચાર પ્રકારના છે. વાણીનું, દૃષ્ટિનું, કાનનું અને મનનું. મનનું મૌન વિશુદ્ધ અને સૌથી મહત્ત્વનું મૌન ગણાય છે. મૌન હૃદય હૃદય સાથેનું સંભાષણ છે.

- ભગવાન રમણ મહર્ષિ

'ભગવાન રમણ મહર્ષિ',
જીવન અને કાર્ય, પ્ર. આ., પૃ. ૧૬૧

**HARIBHAV, APRIL - 2018**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



# વિસંવાદી જીવનપદ્ધતિ

વર્તમાનકાળના સરેરાશ માનવીનું જીવન એટલે વ્યર્થ વિરોધ અને નિરર્થક નિરોધની જ એક શૃંખલા છે. જ્યાં જુઓ ત્યાં પરિસ્થિતિઓ અને પદાર્થોની ગુલામીમાં ફસાયેલો આધુનિક માનવ પોતાની જાત અને બીજા સાથે યુદ્ધ કરતો જ રહે છે. કોઈની સાથે એને બનતું જ નથી. અવિરોધપૂર્ણ વિચાર, વર્તન કે વહેવાર એને માટે લગભગ અશક્ય હોય છે.

આ જાતની વિસંવાદી જીવનપદ્ધતિ દ્વારા પણ માણસ તો શાશ્વત સુખ જ મેળવવા માગે છે !

**- સ્વામી કૃષ્ણાનંદ**
શાંતિ આશ્રમ, ભાદરણ

'સ્વામી કૃષ્ણાનંદ સંપુટ ભાગ-૨', પ્ર. આ., પૃ. ૨૬૧

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com